RNI NO GUJ/GUJ/2005/23890
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા     નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૫     શનિવાર, તા.૩૦-૦૩-૨૦૨૪     અંક : ૮૨ વર્ષ : ૧૯     email :rajkot@aaspassindia.com     કિંમત રૂા. ૨-૫૦     પાના - ૮

# ઉમેદવારી પુર્વે વિવાદ પુરા કરો: દિલ્હીથી ગુજરાત ભાજપને તાકીદ

## ચૂંટણી પ્રચાર માટે પુરપાટ દોડતી ગાડીને ઓચિંતી બ્રેક લાગી : સી.આર.પાટીલ પણ હવે બે દિવસ ગાંધીનગરમાં

ગાંધીનગર,

લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુની ભીડ સાથે વિજય માટે ધસમસી રહેલા ભાજપે ઉમેદવાર જાહેર કરતા જ હવે એક બાદ એક બેઠક પર સ્પીડબ્રેકર જેવી સ્થિતિ અનુભવવી પડે છે.

જેના ખભા પર બેસીને ચુંટણી જીતવાની હતી તેવા કાર્યકર્તાઓને ઉમેદવાર અંગે ભાગ્યે જ પૂછાયુ અને ગાંધીનગર-



દિલ્હીમાં ચાર- પાંચ લોકોએ નિર્ણય લઈને ઉમેદવાર જાહેર કર્યા તેમાં બે બેઠકો પર બદલવા પડયા અને કાર્યકર્તાઓની લાગણી-માંગણીને માન આપ્યુ છે તેવા દાવા કરીને પણ કાર્યકર્તાઓને પૂછયા વગર જ નવા ઉમેદવાર મુકતા તેનો પણ વિરોધ શરૂ થયો છે. જે ડામવા અને ઉમેદવારીપત્રક ભરાય તે પુર્વે ઓલ-વેલ કરી દેવા દિલ્હીથી આદેશ છૂટતા જ હવે પક્ષના પ્રચારને થોડી બ્રેક લાગી છે તથા એક બાદ એક બેઠક પર પક્ષમાંજ જે ડેમેજની આશંકા છે ત્યાં બધું ઠીકઠાક કરવાના પ્રયાસો શરૂ થયા છે.

## ભાજપ ઉમેદવારોને વિવાદથી દૂર રહેવા આદેશ

### રૂપાલાએ કરેલી ટીપ્પણી બાદ ભાજપ હાઈકમાન્ડ એક્શનમાં

અમદાવાદ,

રાજકોટ લોકસભા સીટના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી ટીપ્પણી મામલે ભાજપ હાઈકમાન્ડ એક્શનમાં આવ્યું છે. આ વિવાદ વકરતા ઈન્ચાર્જ ચૂંટણી પ્રભારી બી.એલ .સંતોષે સુચના આપ્યા બાદ ભાજપના તમામ એટલે કે ૨૬ ઉમેદવારોને વિવાદાસ્પદ નિવેદન ન આપવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

બી.એલ.સંતોષે આ અંગે સૂચના આપ્યા બાદ ભાજપ પ્રદેશ દ્વારા એક વીડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ વીડિયો કોન્ફરન્સમાં ભાજપના તમામ ઉમેદવારોને વિવાદોથી બચવા માટે જણાવવામાં આવ્યું હતું. થોડા દિવસ પહેલા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ વાલ્મિકી સમાજનાં કાર્યક્રમમાં જાહેરમાં ક્ષત્રિય સમાજ અને રાજવી પરિવારની લાગણી દુભાય તે પ્રકારનું નિવેદન કરતાં ક્ષત્રિય સમાજમાં રોષ ફાટી નીકળ્યો હતો. જેથી પૂર્વ શિક્ષણમંત્રી અને ક્ષત્રિય સમાજનાં આગેવાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત હાલના રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ સહિતનાં રાજવીઓ ઉપરાંત કોંગ્રેસના મહેશ રાજપૂતે નારાજગી વ્યક્ત કરી હતી. જે બાદ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગતો વીડિયો જાહેર કર્યો અને કહ્યું કે, મારો આશય વિધર્મીઓ ઝૂલ્મોનું નિરૂપણ કરવાનો. ક્ષત્રિય સમાજ કે રાજવી પરિવારની લાગણી દુભાય તેવો કોઈ જ ઈરાદો ન હતો.

## રાષ્ટ્રપતિએ વિભૂતિઓને ભારતરત્નથી કર્યા સન્માનિત

નવીદિલ્હી,

રાષ્ટ્રપતિ ભવનમાં આજે ૫ મહાન વ્યક્તિઓને તેમના ક્ષેત્રમાં નોંધપાત્ર ફાળો આપી ઉત્કૃષ્ટ કાર્ય અને રાષ્ટ્ર પ્રત્યે અસાધારણ યોગદાન બદલ દેશનું સર્વોચ્ચ સન્માન ભારતરત્ન આપવામાં આવ્યો. ૫ મહાન વિભૂતિઓ પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ, પી.વી. નરસિંમહરાવ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર, વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથન, ભાજપના

### અડવાણી, ચરણ સિંહ, નરસિંમહરાવ, કર્પૂરી ઠાકુર, વૈજ્ઞાનિક સ્વામીનાથનને સન્માનિત કરાશે

દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારતરત્ન આપી સન્માન કરાશે. ૪ વિભૂતિઓને મરણોપરાંત ભારતરત્ન અપાશે. ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને તેમના નિવાસસ્થાને આવતીકાલે (૩૧ માર્ચ) ભારતરત્ન આપી સન્માન કરાશે.

## ૧લી એપ્રિલથી USSD આધારિત કૉલ ફોરવર્ડિંગ બંધ

### ટેલિકોમ વિભાગે ટેલિકોમ કંપનીઓને અન્ય વૈકલ્પિક પદ્ધતિ અપનાવવાનો આદેશ કર્યો

નવીદિલ્હી,

ટેલિકોમ વિભાગે ટેલિકોમ કંપનીઓને આગામી ૧૫ એપ્રિલથી USSD આધારિત કોલ ફોરવર્ડિંગને નિષ્ક્રિય કરવાનો તેમજ તેને ફરીથી સક્રિય કરવા માટે અન્ય વૈકલ્પિક પદ્ધતિ અપનાવવાનો આદેશ કર્યો છે.

મોબાઈલ યુઝર્સ તેમની ફોન સ્ક્રીન પર રહેલ કોઇ પણ એક્ટિવ કોડને ડાયલ કરીને USSD સેવાનો ઉપયોગ કરે છે. આ સેવાનો મોટા ભાગે IMEI નંબર ચેક કરવા તેમજ મોબાઈલ ફોનનું બેલેન્સ જાણવા સહિતના હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે. સ્માર્ટફોન દ્વારા થતા ફ્રોડ અને ઑનલાઈન ગુનાઓને રોકવા માટે આ આદેશ જારી કરવામાં આવ્યો છે.

૨૮ માર્ચના આદેશમાં ટેલિકોમ વિભાગે જણાવ્યું હતું કે તેમના ધ્યાનમાં આવ્યું છે કે કોલ ફોરવર્ડિંગ સર્વિસ માટે સામાન્ય રીતે જાણીતા *401# સર્વિસનો કેટલીક અનિચ્છનીય પ્રવૃત્તિઓ માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં, વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે તમામ લાઈસન્સધારકોએ ૧૫ એપ્રિલથી આગળની નોટિસ સુધી અત્યારની USSD આધારિત કોલ ફોર્રવિડ સેવાને બંધ કરવી પડશે.

અત્યારના મોબાઈલ યુઝર્સને અન્ય પદ્ધતિ દ્વારા કોલ ફોરર્વડિંગ સેવા સક્રિય કરવા માટે કહેવામાં આવે તેવી શક્યતા છે.



## ગુજરાતના ઉમેદવારોએ ગુનાહિત ઈતિહાસની વિગતો ગુજરાતીમાં જ જાહેર કરવી ફરજીયાત

### મુખ્યત્વે ત્રણ પ્રકારની ક્ષતિઓ જાણવા મળી હતી : ચૂંટણીપંચે કર્યો આદેશ

અમદાવાદ,

મતદારોના જાણવાનાના અધિકારને મહત્વ આપીને સુપ્રીમ કોર્ટે WRIT PETITION (CIVIL) NO. ૫૩૬ OF ૨૦૧૧ અને CONTEMPT PET. (C) NO. 2192 OF ૨૦૧૮માં તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૧૮ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ચુકાદો આપ્યો હોતો કે મતદારો પાસે ઉમેદવારો વિશે જરૂરી માહિતી હોવી જોઈએ, જેવી કે તેમનં કેટલું શિક્ષણ છે, તેમના પર કેટલા અને કયા કેસ દાખલ કરેલા છે, તેઓ કેટલી સંપત્તિ ધરાવે છે, વગેરે. આથી દરેક ઉમેદવારે તમના પરના ગુનાની વિગતો સમાચારપત્રો, સોશિયલ મીડિયા, અને વેબસાઈટ પર મૂકવી જોઈએ.

ચૂંટણી પંચે ઉમેદવારોની ગુનાની વિગતો પ્રસિદ્ધ કરવા માટે રાજકીય પક્ષો માટે ફોર્મ ઝર અને જે તે ઉમેદવારો માટે ફોર્મ ઝ૭ બહાર પાડ્યું છે. સાથે વિગતવાર ગાઈડલાઈન પણ આપવામાં આવી છે. પણ તેમ છતાં એ ધ્યાનમાં આવ્યું છે, કે રાજકીય પક્ષો આ બાબતને ગંભીરતાથી લેતા નથી.

## માલદીવના રાષ્ટ્રપતિએ પુનઃ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું

### મુઇઝુએ કહ્યું કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સોલિહે વિદેશી રાજદૂતના આદેશ પર કામ કર્યું હતું, જેના પરિણામે વ્યાપક નુકસાન થયું

માલદિવ,

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ, જેમણે ચીનના ઈશારે કામ કર્યું, તેણે આરોપ લગાવ્યો છે કે તેમના પુરોગામી ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહે "વિદેશી રાજદૂત"ના આદેશ પર કામ કર્યું હતું. જોકે, મુઈઝુએ ન તો કોઈ દેશનું નામ લીધું કે ન તો કોઈ રાજદ્વારનું. પ્રમુખ મુઈઝુએ પીએસએમ સાથેની મુલાકાત દરમિયાન એક પ્રશ્નના જવાબમાં આરોપ લગાવ્યો હતો. તેમને તાજેતરમાં લશ્કરી ડ્રોનની ખરીદી અંગે વિપક્ષની ટીકા વિશે પૂછવામાં આવ્યું હતું.

ગુરુવારે રાત્રે ખાનગી ન્યુઝ ચેનલ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યો હતો. દેશમાં સંસદીય ચૂંટણીઓ પહેલા, મુખ્ય વિપક્ષી માલદીવ્સ ડેમોક્રેટિક પાર્ટી એ વિવિધ મુદ્દાઓને લઈને મુઈઝૂ પર હુમલાઓ વધારી દીધા છે. આ મહિનાની શરૂઆતમાં, એવી જાહેરાત કરવામાં આવી હતી કે માલદીવે પ્રથમ વખત તેના વિશાળ વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં પેટ્રોલિંગ કરવા માટે તુર્કી પાસેથી સર્વેલન્સ ડ્રોન ખરીદ્યા છે અને લશ્કરી ડ્રોન ચલાવવા માટે ડ્રોન બેઝ સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ડ્રોન અંગેની ટીકા અંગેના પ્રશ્નના જવાબમાં મુઈઝુએ જણાવ્યું હતુ કે મુખ્ય વિપક્ષી પાર્ટી MDP ૨૦૧૮ થી ૨૦૨૩ સુધી સત્તામાં રહી હતી.

## ગરમીના પ્રકોપ વચ્ચે આંધી-વંટોળ ફુંકાશે: વરસાદ શકય

### હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલની આગાહી : ૧૨ એપ્રિલથી વાતાવરણ પલટાશે



અમદાવાદ,

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પશ્ચિમી વિક્ષેપ આવશે જેના કારણે ૩૧ માર્ચ સુધી મહતમ અને ન્યુનતમ ઉષ્ણતામાન સામાન્ય ઘટાડો થવાની શકયતા રહેશે. જે બાદ એપ્રિલ મહિનામાં વાદળછાયુ વાતારણ આવવાની શકયતા રહેશે અને ૮ એપ્રિલે રાજયમાં ફરીથી પશ્ચિમી વિક્ષેપ આવશે. જેના કારણે ૧૨ એપ્રિલથી હવામાનમાં પલટો આવી શકે છે. જેથી ૧૨ થી ૧૪ એપ્રિલના ત્રણ દિવસનાં સમયગાળા દરમ્યાન ગુજરાતના કોઈ પણ ભાગમાં આંધી-વંટોળ સાથે પ્રિ.મોન્સુન એકટીવીટી શરૂ થવાની શકયતા રહેશે.આ દરમ્યાન રાજયના કોઈ-કોઈ ભાગમાં છુટોછવાયો વરસાદ પડી શકે છે.

એપ્રિલની ૧૬ તારીખથી પુનઃ પશ્ચિમી વિક્ષેપ આવશે. જયારે આગામી ૨૭ થી ૨૯ એપ્રિલ દરમ્યાન આંધી-વંટોળનુ પ્રમાણ વધી શકે છે. આમ એપ્રિલ મહિનામાં ગુજરાતના ભીન્ન-ભીન્ન ભાગોમાં આંધી, વંટોળ અને ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા રહેશે. હવામાન વિભાગે વધુ એક વાર કાળઝાળ ગરમીની આગાહી કરી છે.

રાજયમાં સૌથી વધુ ગરમ રાતને લઈને પણ હવામાન વિભાગે ચેતવણી આપી છે. સાથે સૌરાષ્ટ્ર અને કચ્છના આ વિસ્તારોમાં હીટવેવની આગાહી સહીત અમદાવાદ, બનાસકાંઠા,આણંદ, વડોદરામાં રાત્રી દરમ્યાન ગરમીની આગાહી કરી છે. ત્યારે આગામી દિવસોમાં તાપમાન સામાન્ય કરતા ૪-૫ ડીગ્રી વધુ ગરમી લાગે તેવી સંભાવના વ્યકત કરી છે.

## હમાસે મહિલાના શબને નગ્ન કરી ફેરવ્યું હતું તે તસ્વીરને મળ્યો એવોર્ડ!

### પિક્ચર સ્ટોરી ઓફ ધ યરનો એવોર્ડ મળતાં દુનિયાભરમાં રોષ

હમાસ,

ઈઝરાયલ પર હમાસ આતંકીઓના બર્બરતા હુમલા પછી એક શરમજનક તસ્વીર આવી હતી. હમાસ આતંકીઓએ ઈઝરાયલમાંથી એક જર્મન યુવતીને પણ બંધક બનાવી હતી. તેનું નામ શાની લાઉક હતું. તે એક ટેટૂ આર્ટિસ્ટ હતી. આતંકીઓએ તેને નિર્વસ્ત્ર કરી ગાડીમાં બેસાડી દીધી. પછી મારી નાખી અને તેનાં નિર્વસ્ત્ર શબને ગાડી ઉપર (વાન ઉપર) મુકી તેમના કબ્જા નીચેના વિસ્તારમાં ચારે બાજુ ફેરવ્યું. આ સાથે તેની તસ્વીરો પણ લીધી જે જોઈને રાક્ષસોનાં પણ દિલ પીગળી જાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ. તે તસ્વીરોને એવોર્ડ મળતાં દુનિયાભરમાં વિવાદ જાગ્યો છે.

ન્યૂયોર્ક પોસ્ટના રીપોર્ટ પ્રમાણે આ તસ્વીરને થીમ પિક્ચર સ્ટોરી ઓફ ધ યર નો એવોર્ડ મળ્યો છે. આ તે ૨૦ તસ્વીરો પૈકીની એક છે કે જેને માટે ન્યૂઝ એજન્સીને એવોર્ડ મળ્યો હોય. જો કે તે એવોર્ડ મળ્યા પછી દુનિયાભરમાં વિવાદ છેડાઈ ગયો છે. ઘણાનું તો તેમ કહેવું છે કે જે તસ્વીર માટે પત્રકારને જેલ થવી જોઈએ. તેને એવોર્ડ આપવામાં આવે છે.

## બોર્ડ પરીક્ષાના પરિણામ પ્રથમ વખત એકાદ મહિનો વ્હેલા જાહેર થશે

### એપ્રિલના બીજા સપ્તાહથી આવવા લાગશે : ધો.૧૦ના ૬૦ ટકા પેપર ચકાસાઈ ગયા; ૧૨ની ઉત્તરવહીની ડેટાએન્ટ્રી થવા લાગી



ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડ વર્ષોની પરંપરા તોડીને ધો.૧૦ અને ૧૨ની બોર્ડપરિક્ષાના પરિણામો એક મહિનો વ્હેલા જાહેર કરે તેવી સંભાવના છે. એપ્રિલ મહિનાના અંતમાં જ પરિણામો જાહેર થવા સાથે લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવી શકે છે. વ્હેલા પરિણામથી વિદ્યાર્થીઓને આગળનો અભ્યાસ નકકી કરવામાં વધુ સમય મળશે. ઉપરાંત વિવિધ એન્ટરન્સ પરીક્ષા માટે યોગ્ય તૈયારી કરી શકશે.

શિક્ષણ બોર્ડના સૂત્રોએ કહ્યુ કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ એપ્રિલના બીજા સપ્તાહમાં જાહેર કરી દેવાની તૈયારી છે જયારે ધો.૧૦ તથા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ એપ્રિલ મહિનાના અંતમાં આવી શકે છે. પરિક્ષા શરૂ થયાના ૪૫ દિવસમાં જ પરિણામ આવી જવાનું ગુજરાતના શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર બનશે.

સૂત્રોના કહેવા પ્રમાણે રાજયભરમાં અંદાજીત ૬૫૦૦૦ શિક્ષકોને ઉતરવહી ચકાસણીની કામગીરી સોંપવામાં આવી છે. પરીક્ષા લેવાથી માંડીને ચકાસણીમાં દર વર્ષની સરખામણીએ ત્રણ ગણો સ્ટાફ લગાડવામાં આવ્યો છે.

ધો.૧૨ સાયન્સ તથા ગુજકેટના પરિણામોના આધારે જ ઈજનેરી તથા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવતો હોવાના કારણોસર તે પ્રક્રિયા પણ વ્હેલી શકય બનશે.૨૦૨૩માં ગત વર્ષે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ બીજી મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૬૫.૫૮ ટકા આવ્યું હતું. ધો.૧૨નું ૨૫ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૬૪.૬૨ ટકા આવ્યુ હતું. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૧ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૭૩.૨૭ ટકા રહ્યું હતું.

# 1.30 લાખ રૂપિયામાં માર્કશીટ અને ડિગ્રી બનાવી આપતા

## ડુપ્લિકેટ માર્કશીટ કૌભાંડના તાર કેનેડા-UK સુધીઃ છ આરોપીમાંથી ૩ની ધરપકડ, બે વિદેશમાં

સુરત

સુરતમાં વધુ એક ડુપ્લિકેટ માર્કશીટનું કૌભાંડ ઝડપાયું છે.આ કૌભાંડમાં આરોપીઓ એક નકલી માર્કશીટ બનાવવા દીઠ ૧.૩૦ લાખ જેટલી રકમ વસૂલતા હતા. એટલું જ નહી આરોપીઓ ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડની ડુપ્લિકેટ માર્કશીટ બનાવી આપતા હતા.

સુરતના સિંગણપુર વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યું આંતરરાષ્ટ્રીય બોગસ ડિગ્રી અને માર્કશીટ કૌભાંડની તપાસ પૂરી થઈ નથી. ત્યાં તો સુરતના ઉત્રાણ પોલીસે વધુ એક ડુપ્લિકેટ માર્કશીટ બનાવી આપવાના રેકેટનો પર્દાફાશ કર્યો છે. ઉત્રાણ વિસ્તારમાંથી પોલીસે ગ્રીન પ્લાઝામાં આવેલી ટુરિઝમ અને વિઝા કન્સલ્ટન્સીની ઓફિસમાં તેમજ સરથાણા જકાતનાકા રોયલ આર્કેટમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

ઉત્રાણ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પોલીસને બાતમી મળી હતી કે, મોટા વરાછા અને સરથાણા વિસ્તારમાંથી રૂપિયા આપી નકલી ધોરણ ૧૦ અને ૧૨ની માર્કશીટ બનાવી આપવામાં આવી રહી છે. ત્યારે પોલીસે બાતમીને આધારે ઉત્રાણ ડી-માર્ટ રોડ ગ્રીન પ્લાઝામાં આવેલા તેજાણી ટુરિઝમ અને આઈટ્રસ્ટ કન્સલ્ટન્સી વિઝાની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. આની સાથે સરથાણા જકાતનાકાના રોયલ આર્કેડની ઓફિસમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસને અહીં રેડ દરમિયાન ઢગલાબંધ નકલી માર્કશીટો મળી આવી હતી.

પોલીસે આ સમગ્ર કૌભાંડમાં કુલ છ આરોપી સામે ગુનો નોંધ્યો છે. પોલીસે આરોપી નિલકંઠ નરશી દેવાણી, વિશાલ મહેશ તેજાણી, સંજય કનુ ગેલાણી, બોની વિનોદ તાલા, વૈભવ અશ્વીન તાલા, ધ્રવીન મગન કોઠીયા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, તમામ આરોપીઓ એકબીજાની મદદથી ધો-૧૦ અને ૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ તેમજ ડિગ્રી સર્ટિફિકેટો બનાવી આપતા હતા. પોલીસે આ સમગ્ર કૌભાંડમાં છમાંથી ત્રણ આરોપીની ધરપકડ કરી છે. પોલીસે ધ્રુવીન મગન કોઠીયા, વિશાલ તેજાણી અને સંજય ગેલાણીની ધરપકડ કરી છે.

# ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી વચ્ચે કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદ

અમદાવાદ,

ગુજરાતમાં અંગ દઝાડતી ગરમી વચ્ચે કેટલાક જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ભરગરમીમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના પગલે કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરાઈ હતી.

તાપી જિલ્લામાં વાદળછાયા વાતાવરણ બાદ કમોસમી વરસાદ પડ્યો હતો. સોનગઢ શહેર અને કેટલાક ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ઘૂટવેલ, મશાનપાડા, ટાપરવાડા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. છોટાઉદેપુરના વાતાવરણમાં પલટો આવ્યો હતો. સવારે આઠ વાગે છોટાઉદેપુરમાં વરસાદ વરસ્યો હતો.

વલસાડમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સેલવાસના છેવાડાના વિસ્તારોમાં માવઠું થયું હતું. કિલવની, ઉમરકુઈ, સીલી સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ વરસ્યો હતો. ઝરમર વરસાદથી કેરી પકવતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. સંઘ પ્રદેશ દમણ, દાદરાનગર હવેલીમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. દાહોદમાં પણ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. માવઠાને લઈને ખેડૂતોમાં ચિંતા ફેલાઇ જવા પામી હતી.

# રાજ્યપાલ દેવવ્રતે ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ બિલ ૨૦૨૪ને આપી મંજૂરી

અમદાવાદ,

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઈકાલે ગુજરાત કો-ઓપરેટિવ સોસાયટીઝ (સુધારા) બિલ, ૨૦૨૪ને મંજૂરી આપી હતી, જે ગયા મહિને બજેટ સત્રમાં રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. સરકારે અધિનિયમના જરૂરી નિયમો અને નિયમો ઘડવાની કવાયત શરૂ કરી દીધી છે, જે સામાન્ય ચૂંટણી પછી લાગુ થવાની અપેક્ષા છે.સરકાર સામાન્ય ચૂંટણી પછી સુધારેલા કાયદાનો અમલ શરૂ કરવા માંગે છે,' સૂત્રોએ જણાવ્યું હતું. કોઓપરેટિવ સોસાયટીમાં મકાનોના વેચાણ માટેની ટ્રાન્સફર ફી મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધી મર્યાદિત હોવાની શકયતા છે. સરકાર સોસાયટીઓ દ્વારા વસૂલવામાં આવતા ડેવલપમેન્ટ ચાર્જને પણ મર્યાદિત કરે તેવી શકયતા છે અથવા તો ડેવલપમેન્ટ ચાર્જ વસૂલવાની પ્રથાને સંપૂર્ણપણે નાબૂદ કરી શકે છે, એમ સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું. તેમ ટાઈમ્સ ઓફ ઈનડિયાનો અહેવાલ જણાવે છે. ગયા મહિને, વિધાનસભાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમમાં સુધારો કરવા માટેનું વિધેયક પસાર કર્યું હતું, જેમાં સરકારે જણાવ્યું હતું કે આ કાયદાનો ઉદ્દેશ્ય 'સહકારી મંડળીઓનું વહીવટ અને સંચાલન વધુ સારી રીતે ચાલે છે અને તેના હિતોને ધ્યાનમાં લેવાનો છે.

# ગુજરાતના ઍક્ઝિટ અને ઓપિનિયન પોલ પર ૧૯ એપ્રિલથી મુકાયો પ્રતિબંધ

ગાંધીનગર

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તેમજ વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચ દ્વારા મીડિયામાં 'ઍક્ઝિટ પોલ' અને 'ઓપિનિયન પોલ' પ્રકાશિત કે પ્રસિદ્ધ કરવા અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ ગુજરાતમાં તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪થી 'ઍક્ઝિટ પોલ' પર પ્રતિબંધ તેમજ ગુજરાતમાં મતદાનનો સમય પૂરો થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન 'ઓપિનિયન પોલ' પર પણ પ્રતિબંધ રહેશે.



આ જાહેરનામા અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૨૬(ક) ની પેટાકલમ (૧)થી મળેલી સત્તાનો ઉપયોગ કરી પેટાકલમ (૨) ની જોગવાઈઓ અનુસાર ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને ગુજરાત વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી સંદર્ભે તા.૧૯.૦૪.૨૦૨૪ ને શુક્રવારના સવારે ૦૭:૦૦ વાગ્યાથી તા.૦૧.૦૬.૨૦૨૪ ને શનિવારના સાંજના ૦૬:૩૦ વાગ્યા દરમિયાનના સમયગાળામાં પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ પ્રકારના 'ઍક્ઝિટ પોલ' કે તેના પરિણામો પ્રકાશિત નહીં કરી શકે. સાથે જ અન્ય કોઈપણ રીતે તેનો પ્રચાર-પ્રસાર કરવા પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જોગવાઈઓનો ભંગ કરનારને ૦૨ વર્ષ સુધીની જેલ અથવા દંડ અથવા બંનેની સજા થઈ શકે છે.

# બ્લાઉઝ સરખું ના સિવતા કન્ઝ્યૂમર ફોરમે ૫૦૦૦ રૂપિયા ચૂકવવાનો આપ્યો આદેશ

વડોદરા,

લગ્ન એ કોઈ પણ વ્યક્તિના જીવનમાં ખુબ મહત્વની બાબત છે. કપડાં, દાગીના...કેટ કેટલી ખરીદી કરવાની હોય છે. યુવતીઓના મનમાં એક અનેરો ઉમળકો હોય છે. કપડાં ખરીદવા અને સિવડાવવા માટે ખુબ જદ્દોજહેમત થતી હોય છે. કપડાં ક્યાંથી ખરીદવા કોની પાસે સિવડાવવા. ફિટિંગમાં જો કઈ ગડબડ થાય તો આવી બને. મહિલાઓ માટે આ બધી વાત ખુબ મહત્વની બની જતી હોય છે. આવામાં જો સિવડાવવા નાખેલા કપડાંમાં લોચા પડે તો શું? વડોદરામાં આવો જ એક મામલો જોવા મળ્યો છે. એક મહિલાએ લગ્ન પહેલા બુટિકમાં જઈને પોતાના નવા બ્લાઉઝ સિવડાવવા નાખ્યા. પરંતુ જ્યારે તે બ્લાઉઝ ફિટિંગમાં ઉણું ઉતર્યું તો તેને ઠીક કરવા માટે કહ્યું. જેના પર દરજીએ ફિટિંગ ઠીક કરવાની ના પાડી દીધી. આ વાતથી નારાજ થઈને મહિલાએ તેના વિરુદ્ધ કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી. આ મામલે વડોદરાના કન્ઝ્યૂમર ફોરમે કહ્યું કે લગ્નના કપડાં જો બરાબર ફીટ ન આવે તો તો તે ખુશીનો માહોલ ખરાબ કરી શકે છે.

# ફરી પાટીદાર અનામત આંદોલનની ગુંજ પાટણમાં પાટીદારોનું શક્તિપ્રદર્શન

પાટણ

ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ઉમેદવારો જાહેર થતા જ તમામ પક્ષોમાં આંતરિક ડખો જોવા મળ્યો. રાજ્યના પાટણમાં પાટીદાર સમાજ પણ નારાજ જોવા મળ્યો. લોકસભામાં ફરી પાટીદાર અનામત આંદોલનની ગુંજ જોવા મળી. છેલ્લા કેટલાક દિવસોમાં પાટીદારોને લઈને કેટલાક નેતાઓ દ્વારા થતા નિવેદનો બાદ પાટીદાર સમાજ રોષે ભરાયો છે. સોશિયલ મીડિયામાં ફરી પાટીદાર અનામતનો મુદ્દો વેગ પકડી રહ્યો છે. આ વીડિયોને લઈને રાજકારણમાં પણ ગરમાવો જોવા મળ્યો છે.

પાટણની જાહેરસભામાં પાટીદારોનું શક્તિ પ્રદર્શન જોવા મળ્યું. પાટીદારોએ બદલો લેવાના સોગંધ લેતો વીડિયો વાયરલ થતા ચારેબાજુ ચર્ચા થઈ રહી છે કે શું ફરી પાટીદાર આંદોલન થવા જઈ રહ્યું છે. આ જાહેરસભામાં પાટીદારોએ ભાજપનો નામ ઉલ્લેખ કર્યા વગર કોંગ્રેસને મત આપવાના સોગંધ લીધા હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. પાટીદાર અનામતનો બદલો લેવા પાટીદારોએ સદારામ, મા ઉમિયા તેમજ ખોડલ માના સોગંધ લીધા.

# અમદાવાદ એરપોર્ટથી બેંગકોક, કુઆલાલંપુર અને જેદ્દાહ સહિતની સીધી ફ્લાઈટ શરૂ થશે

અમદાવાદ,

ગુજરાતીઓ હરવા ફરવાના ખુબ શોખીન હોય છે. એમાંય ઉનાળો આવતા પહેલાં તો હરવા ફરવાનો પ્લાન પણ તૈયાર થઈ ગયો હોય છે. જોકે, દર વખતે ફોરેન ટુર માટે તમારે અમદાવાદથી વાયા મુંબઈ થઈને જવું પડતું હતું. ઘણાં સ્થળો એવા હતાં જેની ફ્લાઈટ વાયા મુંબઈથી જતી હતી. જોકે, હવે હરવા ફરવાના શોખીનો માટે મોટી ખુશખબર છે. હવે તમને ઘર આંગણે મળી રહેશે ફોરેનની ફ્લાઈટ. એ પણ સાવ સસ્તામાં.શું તમે પણ ફોરેન જવાનો પ્લાન બનાવી રહ્યાં છો? શું તમે પણ પરિવાર કે મિત્રો સાથે ફોરેન ફરવાના શોખીન છો? તો આ માહિતી તમારા માટે ખાસ છે. ફોરેનમાં ફરવાના શોખીનો માટે આવી ગઈ છે મોટી ખુશખબર. હવે ફોરેનની ફ્લાઈટ માટે મુંબઈ જઈને એરપોર્ટ પર બેસી રહેવાની જરૂર નહીં પડે. અમદાવાદ એરપોર્ટ પરથી બેંગકોક, કુઆલાલંપુર અને જેદ્દાહ સહિતના આંતરરાષ્ટ્રીય સ્થળોની ફ્લાઈટ શરૂ થશે.

# પારડી નજીક દારૂના નશામાં ટ્રક ચાલકે પેસેન્જર બસ સાથે સર્જ્યો અકસ્માત : મુસાફરો જીવ બચાવવા બારીમાંથી કૂધા

વલસાડ

પારડી નજીક અકસ્માત સર્જાયો. પારડી નજીક મોડી રાત્રે દારૂના નશામાં ટ્રક ચાલકે અકસ્માત કર્યો. નશામાં ધૂત ટ્રક ચાલકની ટ્રક હાઈવે પર ડિવાઈડર સાથે અથડાયા બાદ મુસાફરો ભરેલ બસને ટક્કર મારી. પેસેન્જર બસમાં ૬૦ જેટલા લોકો મુસાફરી કરી રહ્યા હતા. પેસેન્જર બસ અને ટ્રક વચ્ચે મોટો અકસ્માત સર્જાયો. સદનસીબ આ ઘટનામાં કોઈ જાનહાનિ થયાનું સામે આવ્યું નથી. ટ્રકની પેસેન્જર બસ સાથે જોરદાર ટક્કર થવા છયા બાદ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો હતો.

ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ મહારાષ્ટ્રની સરકારી



બસ વાપી થી ધુલે જઇ રહી હતી. દરમ્યાન વલસાડના પારડી નજીક ગતમોડી રાત્રે મહારાષ્ટ્રની પેસેજન્જર ભરેલ બસ પસાર થતી હતી ત્યારે હાઈવે પર એક ટ્રક સાથે અથડાઈ.

# દારૂની હેરાફેરી કરવા માટે કારની બ્રેક લાઈટમાં સંતાડી બોટલ : બેની ધરપકડ

વડોદરા,

આમ તો ગુજરાતમાં દારૂબંધી છે. પરંતુ સમગ્ર રાજ્યમાં દારુની હેરાફેરીની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી રહી છે. એક તરફ બુટલેગરોને ઝડપવા માટે પોલીસ સતર્ક થઈને કામગીરી કરી રહી છે. છતા પણ દારૂની હેરાફેરી માટે બુટલેગરો સતત નવી-નવી મોડસ ઓપરેન્ડી અપનાવી રહ્યા છે. ત્યારે આવી જ એક ઘટના વડોદરામાં સામે આવી છે.

વડોદરામાં બુટલેગરો કારની બ્રેક લાઈટમાં દારૂની હેરાફેરી કરતા હોવાનું સામે આવ્યુ છે.



કરોડિયા રોડ પર રહેતા મોહન શેખાવતને પોલીસે ઝડપ્યો છે. તેમજ છાણી પાસે ખુલ્લી જગ્યામાં દારૂ વેચતા ૨ શખ્સ ઝડપી પાડ્યા છે. પોલીસે ચિરાગ રાવળ અને મોહન શેખાવત પકડાયા છે. જે પૈકી એક વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

# અદાણી ગ્રૂપે ગુજરાતના મુન્દ્રામાં તેના પ્રથમ કોપર પ્લાન્ટની કામગીરી કરી શરૂ

મુંબઈ,

અદાણી ગ્રુપે વ્યાપાર વિસ્તરણને આગળ ધપાવતા ગુરુવારે જાહેરાત કરી હતી કે ગ્રૂપે ગુજરાતના મુન્દ્રામાં તેના પ્રથમ કોપર પ્લાન્ટની કામગીરી શરૂ કરી છે. અદાણી એન્ટરપ્રાઈઝ બે તબક્કામાં ૧૦ લાખ ટન ક્ષમતાનો પ્લાન્ટ સ્થાપી રહી છે. પ્રથમ તબક્કામાં લગભગ ઈ૧.૨ બિલિયનનું રોકાણ કરવામાં આવશે. આ મેટલ ઉદ્યોગમાં અદાણી ગ્રૂપની પદાર્પણ ચિહ્નિત કરે છે. ભાષા સમાચાર અનુસાર, કંપનીએ જણાવ્યું હતું કે ગ્રીનફિલ્ડ યુનિટની સફળ પ્રગતિ જૂથની મોટા પાયે પ્રોજેક્ટ્સનું આયોજન અને અમલ



કરવાની ક્ષમતા દર્શાવે છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે,"કચ્છના કોપર પ્લાન્ટની કામગીરીની શરૂઆત સાથે અદાણી ગ્રુપ માત્ર મેટલ સેક્ટરમાં જ પ્રવેશ નથી કરી રહ્યું પરંતુ ભારતને ટકાઉ અને આત્મનિર્ભર ભવિષ્ય તરફ લઈ જઈ રહ્યું છે". તેમણે કહ્યું કે,"આ મહત્વાકાંક્ષી, મેગા-કદના પ્રોજેક્ટને પૂર્ણ કરવાની અમારી ગતિ વૈશ્વિક કોપર ક્ષેત્રમાં ભારતને અગ્રેસર બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે, અમે માનીએ છીએ કે ઘરેલું કોપર ઉદ્યોગ પરિપક્વ પર્યાવરણીય વ્યવસ્થાપન સાથે અમારા ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરીને ૨૦૭૦ સુધીમાં કાર્બન તટસ્થતાના આપણા દેશના લક્ષ્યને હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે".

### બનાસકાંઠા કોંગ્રેસમાં ભંગાણ

# પીઢ આગેવાને રાજીનામું આપતા વધી ગેનીબેન ઠાકોરની મુશ્કેલી

પાલનપુર,

બનાસકાંઠામાં કોંગ્રેસમાં વધુ એક વાર ભંગાણ પડ્યુ છે. બનાસકાંઠા કોંગ્રેસના પીઢ આગેવાનો કોંગ્રેસ છોડતા ગેનીબેન ઠાકોરની મુશ્કેલી વધી છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને રાજપૂત સમાજના પીઢ આગેવાન ડી.ડી.રાજપૂતે કોંગ્રેસ પક્ષ છોડી સૌને ચોકાવ્યા છે. ડી.ડી.રાજપૂત ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં થરાદ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર હતા. તેઓ થરાદ રાજપૂત સમાજના પ્રમુખ તરીકે કાર્યરત છે.બનાસકાંઠા કોંગ્રેસના પીઢ આગેવાનો ભાજપમાં ભળતાં કોંગ્રેસની મુશ્કેલી ચુંટણી સમયે જ વધી રહી છે. નોધનીય છે કે બનાસકાંઠા લોકસભા બેઠક પર ગેનીબેન ઠાકોરને કોગ્રેસે ઉમેદવાર ઉતાર્યા છે. બનાસકાંઠામાં કોંગ્રેસને આજે વધુ એક ઝટકો લાગ્યો હતો.પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડી.ડી.રાજપૂતે આજે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ હતુ.ડી.ડી.રાજપૂત થરાદ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી હતી. રામ મંદિરના કાર્યક્રમમાં નેતાઓને ન જવાનુ કારણ આપી રાજીનામુ આપી દીધુ હતુ.

# હવે ગુજરાતની તમામ બેઠકો પર કોંગ્રેસ રાખશે બાજ નજર : મીડિયા કો-ઓર્ડિનેટરની નિમણૂંક કરાઈ

અમદાવાદ

લોકસભા ચૂંટણીને લઇ કોંગ્રેસ એક્સન મોડમાં આવી છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણીને લઇ તૈયારીઓ કરાઇ છે. રાજયની ૨૬ લોકસભા બેઠકના મીડિયા કોઓર્ડિનેટરની નિમણુંક કરવામાં આવી છે. ચૂંટણીને લઇ ૩ ઝોનમાં મીડિયા સેન્ટર ઉભા કરી વિવિધ બેઠકો પર નજર રખાશે.સાથે ગુજરાતના ૪ ઝોનમાં વિભાગીય પ્રવકતાઓની પણ નિમણુંક કરવામાં આવી છે. નોધનીય છે કે છેલ્લા એક વર્ષથી કોંગ્રેસના અનેક મોટાનેતાઓ પક્ષથી નારાજ થઇને કોંગ્રેસને છોડી ચુક્યા છે. પરંતુ આ વખતે લોકસભા બેઠકો પર



કોંગ્રેસે ટક્કર આપી શકે તેવા ઉમેદવારોને ઉતાર્યા છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ ને લઇ ગુજરાત કોંગ્રેસ એક્ટીવ જોવા મળી રહી છે. ૨૬ લોકસભા બેઠક દીઠ મીડિયા કો-ઓર્ડિનેટરની નિમણુંક કરવામાં આવી છે. ગુજરાતના ૪ ઝોનમાં વિભાગીય પ્રવકતાઓની નિમણુંક કરી દેવાઇ છે. જ્યારે ૩ ઝોનમાં મિડિયા સેન્ટર ઉભા કરી વિવિધ બેઠકો પર ચુંટણીમાં નજર રાખવામાં આવશે.

દક્ષિણ ગુજરાત મીડિયા સેન્ટર ઈન્ચાર્જ તરીકે નૈષદ દેસાઈ જયારે સૌરાષ્ટ્રમાં મીડિયા સેન્ટર ઈન્ચાર્જ તરીકે ડો.નિદત બારોટની નિમણુંક કરવામાં આવી છે. મધ્ય ગુજરાતમાં મીડિયા સેન્ટર ઈન્ચાર્જ તરીકે નરેન્દ્ર રાવતને હવાલો આપવામાં આવ્યો છે.

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના અનેક નેતાઓ પક્ષ છોડી ગયા છે. ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ એક પછી એક કોંગ્રેસના નેતાઓ પક્ષ છોડીને ઝટકો આપી રહ્યા છે. અગાઉ અનેક કોંગ્રસના ધારાસભ્યો અને નેતાઓએ રાજીનામાં આપી દીધા છે. બે દિવસ અગાઉ ગાંધીનગરમાં બે કોર્પોરેટરોએ પણ રાજીનામા ધરી દીધા છે. આ બંને કોર્પોરેટરના રાજીનામાં બાદ ગાંધીનગર કોર્પોરેશન કોંગ્રેસ મુક્ત બની ગઈ છે. જો કે તેમ છતાં પણ કોંગ્રેસે આ વખતે લોકસભા બેઠકો પર ઉમેદવાર પસંદગીને લઈ કચાસ રાખી નથી.

# ગાંધીનગરમાં નાયબ મામલતદારનું નિધન ચાલુ નોકરી દરમિયાન અચાનક ઢળી પડ્યા

ગાંધીનગર,

ગુજરાતની અંદર હાર્ટએટેકના મામલાઓ દિવસેને દિવસે વધી રહ્યા છે. ખાસ કરીને યુવાનોમાં હાર્ટ એટેકના મામલાઓ સતત સામે આવતા હોય છે. હાર્ટ એટેકના કારણે ઘણા લોકો મોતને પણ ભેટ્યા છે અને રોજ-બરોજ કોઈને કોઈ વ્યક્તિનું હાર્ટ એટેકમાં મોત થયું હોવાનું સામે આવતું હોય છે.ત્યારે આવા જ હાર્ટ એટેકનો મામલો ગતરોજ ગાંધીનગરમાંથી સામે આવ્યો છે, જ્યાં નાયબ મામલતદારને ફરજ દરમિયાન જ હાર્ટ એટેક આવતા તેમનું મોત



નીપજ્યું હતું.

આ બાબતે પ્રાપ્ત માહિતી અનુસાર મામલતદાર કચેરીમાં નાયં મામલતદાર તરીકે ફરજ બજાવતા ૪૨ વર્ષીય મનીષ કડિયા પોતાના નિત્યક્રમ મુજબ જ ઓફિસ આવ્યા હતા. આ દરમિયાન તેઓ ચૂંટણીને લગતી કામગીરી કરી રહ્યા હતા. ત્યારે જ બપોરના સમયે અચાનક તેમને છાતીમાં દુખાવો શરૂ થઇ રહ્યો હતો. જેના બાદ તેમને ૧૦૮ મારફતે તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવ્યા હતા. જ્યાં સારવાર મળે એ પહેલા જ ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આમ અચાનક નાયબ મામલતદારનું મોત થવાના કારણે કચેરીમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો હતો. આ સાથે જ પરિવારને તેમના મોત અંગે જાણ કરવામાં આવતા પરિવાર પણ દોડી આવ્યો હતો.

# ઉના ગીરગઢડા ગીર બોર્ડર નજીક ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર નીકળી ગયા

## જીલ્લા, તાલુકાના દુર દુર સુધીના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભેદી ધડાકો સંભળાતા લોકોમાં ભય ફેલાયો



કૈલૈશ ભટ્ટ ઉનાઃ

ઉના ગીરગઢડા પંથક નજીક જંગલ વિસ્તારની આસપાસ એક ભેદી ધડાકાનો અવાજ આવતા તાલુકાના અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જોકે આ ધડાકાનો અવાજ આટલો બધી પ્રચંડ હતો કે લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. અને આ ધડાકો ક્યાં થયો તેની હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. આ ભેદી ધડાકો થતા ઉના શહેર અને ગ્રામ્ય વિસ્તારો માંથી એકબીજાના ફોન ધણી ઉઠ્યા હતા. આ ધડાકો થતા લોકોના મોબાઈલ ગ્રુપમાં એવી અફવા ઉડવા લાગી હતી. જે ગીરગઢડાના ધોકડવા નજીક બેડીયા, ખાંભા વચ્ચે જંગલમાં એક પ્લેન ક્રેઝ થયું હોવાની અફવાઓ ફેલાઈ હતી. અને આ અફવાઓ મોબાઈલ ગ્રુપમાં અન્ય રાજ્યમાં ખેતરમા પ્લેન ક્રેશ થયાના ફોટાઓ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયા હતા.

જોકે આ ભેદી ધડાકો થતા લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. અને કહેતા હતા કે આવો ધડાકો આજ સુધી કોઈ દિવસ સાંભળ્યો નથી તેઓ ધડાકો થયો હતો. અને ગભરાઈ જઈ તાત્કાલિક ઘરની બહાર નીકળી લોકો આકાશમાં અને આસપાસ જોવા લાગ્યા હતા. આ બાબતે ઉના મામલતદાર ડી કે ભીમાણીનો ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ભેદી ધડાકો થયો છે. અમે આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર જેવા કે સનખડા, ગાંગડા, મોઠા, સામતેર સહિતના આજુબાજુના ગામમાંથી જાણવા મળેલ છે કે આકાશમાં વિમાન નીચી સપાટીએ જઈ રહ્યું હતું. ત્યારે આ ભેદી ધડાકાનો અવાજ આવ્યો હતો. જોકે વિમાન ક્રેશ થયું હોય તેવું કઈ જાણવા મળ્યું નથી.

ગીરગઢડા જંગલ બોર્ડર નજીક આવેલ શાણાવાક્યા ગામની સિમ વાડીમાં એક નાનો ટુકડો પડ્યો હોય તેનો વિડીયો વાયરલ થયેલો હતો. જોકે ભેદી ધડાકાના અવાજથી લોકોમાં ભય ફેલાઈ ગયો હતો.

## ખાંભામાં આરટીઆઈ અંતર્ગત માહિતિ ન આપીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા

અમરેલીઃખાંભા ગામે રહેતા ગીરીશભાઈ ખીમજીભાઈ બાબરીયા નામનાં ૨૮ વર્ષિય યુવકે ગત તા. ૫/૩ તથા તા. ૧૧/૩ ના રોજ આરટીઆઈ થકી સરકારી ગ્રાન્ટો અંગેની જે તે માહિતી માંગેલ હતી તે માહિતી નહી આપવા સારૂ તે જ ગામે રહેતા બાબુભાઈ ભીખુભાઈ ખુમાણે તા. ૨૮ના રોજ બપોરે ૨ વાગ્યે યુવકને ફોન કરી ખાંભા ગ્રામ પંચાયત કચેરીની ઓફીસે બોલાવી અને યુવકે માંગેલ આરટીઆઈની માહિતીની હવે તેને જરૂરીયાત નથી તેવો લેખીતમાં વળતો જવાબ કરી આપવાનું કહેલ. જેથી યુવકે તેવો જવાબ નહીં કરી આપવાનું કહેતા આરોપીને સારૂ નહીં લાગતા તેથી એકદમથી ઉશ્કેરાઈ જઈ યુવકને જેમ-ફાવે તેમ ગાળો આપી ડાબા ગાલે બે જાપટ મારેલ તથા તેમના વાસાના ભાગે તથા પેટના ભાગે ઢીકાપાટુ વડે મુંઢમાર મારી તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત, અપમાનીત કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# ૨૫ તોલા સોનું અને આવાસની લાલચમાં રૂા. ૬ લાખ ગુમાવ્યા

## છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધી ગાંધીગ્રામ પોલીસે મહિલાની ધરપકડ કરી

રાજકોટઃ

એક પરિવારનાં સભ્યોને પાંચ તોલા સોનાના દાગીનાનાં બદલામાં પચ્ચીસ તોલા સોનાનાં દાગીના આપવાની લાલચ આપી આરોપી ક્રિષ્નાબેન સમીપ શાહ (રહે. ઈન્દિરા સર્કલ પાસે, દ્રષ્ટિ એપાર્ટમેન્ટ)એ રૂા. ૬ લાખની છેતરપિડી કર્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. જેના આધારે પોલીસે આરોપીની મહિલાની ધરપકડ કરી હતી. બજરંગવાડી નજીકના પુનિતનગર શેરી નં. ૧માં રહેતા અને સોફા બનાવવાની મજૂરી કરતાં અશોકભાઈ દામજીભાઈ જેઠવા (ઉ.વ. ૪૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, દ્રષ્ટિ એપાર્ટમેન્ટમાં તેના ધર્મના બનાવેલા બહેન કુસુમબેન ઘોડાસરા રહે છે. તેના પત્ની મનીષાબેન ત્યાં પ્રસંગમાં



જમવા ગયા ત્યારે તે જ એપાર્ટમેન્ટમાં રહેતા ક્રિષ્નાબેન સાથે પરિચયમાં આવ્યા હતાં. ગઈ તા. ૧૮મી ફેબ્રુઆરીએ ક્રિષ્નાબેન તેનાં ઘરે આવ્યા હતાં અને તેનાં પત્ની અને પુત્રીને કહ્યું કે તમે મને નાના-મોટા સોનાના દાગીના આપો, હું તમને તેમાંથી ૨૫ તોલા સોનુ કરીને આપીશ. જેથી તેની વાતમાં આવી તેને સોનાનો ચેઈન, સોનાનો સેટ, વીંટી વગેરે દાગીના આપ્યા હતાં. બદલામાં અઠવાડિયામાં ૨૫ તોલા સોનું આપવાની વાત કરી ક્રિષ્નાબેન જતા રહ્યા હતાં. થોડા દિવસો પછી ક્રિષ્નાબેન ફરીથી તેનાં ઘરે આવ્યા હતા અને કહ્યું કે મારા પિતા પાલીતાણા મંદિરમાં ટ્રસ્ટી છે, અને સેવાનું કામ કરે છે. જો તમે સકનના રૂા. ૩ લાખ આપો તો બાકીનાં રૂા. ૭ લાખ હું આપી તમને રૂા. ૧૦ લાખનું આવાસ યોજનાનું ૩ BHKનું ક્વાર્ટર આપીશ. પરિણામે તેની વાતમાં ફસાઇ ફિક્સ ડિપોઝીટ તોડાવી રૂા. ૩ લાખ આપ્યા હતાં. તેના થોડા દિવસો બાદ ક્રિષ્નાબેન સોનાના દાગીના આપી ગયા હતાં. જે ચેક કરાવતાં ઈમિટેશનનાં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી ક્રિષ્નાબેનને કોલ કરી રૂા. ૩ લાખ દાગીનાનાં અને રૂા. ૩ લાખ રોકડાની માંગ કરતાં વાયદાઓ કરતાં રહ્યા હતાં. પરંતુ આજ સુધી દાગીના અને રોકડ રકમ પરત નહીં આપતાં આખરે ફરિયાદ નોંધાવી હતી.

# કોડીનાર - ડોળાસા વચ્ચે ફોર ટ્રેક રોડનું કામ ફરી મંદ ગતિમાં!



ડોળાસાઃ કોડીનાર થી ઉના સુધી ના ફોર ટ્રેક રોડ નું કામ નવ વરસ થી ગોકળ ગાય ની ગતિ થી ચાલતું હતું. પણ દિવાળી પછી ડોળાસા કોડીનાર વચ્ચે ફોર ટ્રેક રોડના કામ માં ભારે તેજી આવી હતી. ત્યારે એવું લાગતું હતું કે આવતા ચોમાસા સુધી માં આ કામ પૂરું થઈ જશે. પણ અચાનક ફરી આ કામ ગોકળ ગાય ની ગતિ ચાલવા લાગતા આ કામ હવે ક્યારે પૂરું થશે. તે નક્કી નથી. પણ લોકો અને વાહન ચાલકો તોબા પોકારી ગાય છે.

૨૦૧૫ માં નરેન્દ્રભાઈ મોદી ની પ્રથમ સરકાર માં સોમનાથ થી ભાવનગર રોડ ને ફોર ટેક સિમેન્ટ રોડ ના કામ નું ખાત મુહુર્ત માર્ગ વ્યવહાર મંત્રી નીતિનભાઈ ગડકરી ના હસ્તે થયું હતું. આ દરમ્યાન મોદીજી ની બીજી ઈનિંગ્ પણ. પૂરી થઈ ગઈ છે પણ આ કામ હજુ પૂરું થયું નથી ડોળાસા થી ઉના સુધી ના ૨૨ કી.મી.નું મોટા ભાગ નું કામ પૂરું થયું છે ..પણ કોડીનાર ડોળાસા વચ્ચે ના અઢાર કી.મી.માં તો આ કામ ના કોન્ટ્રાકટર ના ગજબ માં ધાંધીયા રહ્યા છે. આ કામ ને દસમું વરસ ચાલુ છે. પણ અનેક સ્થળોએ કામ હજુ બાકી છે. જેમાં ડોળાસા બાય પાસ નું કામ ઘણું બાકી છે. મિતિયાજ ચોકડી નું કામ પૂરું બાકી છે. માલગામ વેળવા વચ્ચે જયાં ટોલ નાકું બનવાનું છે ત્યાં એકજ પટ્ટા ઉપર થી તમામ વાહનો છે...લોકો ની પ્રશ્ન છે કે આ કામ પૂરી કરવા હજુ કેટલા વર્ષ લાગશે...? સરકાર ને પણ આ બાબત ની કોઈ ફિકર નહિ હોય?

# રાજુલામાં ઘરફોડ ચોરી કરનાર ઈસમને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ

અમરેલીઃ રાજુલા ગામે આવેલ વોરાવાડ, ખડપીઠમાં રહેતા અબ્બાસીભાઈ કુરબાનહુસૈન ચૌહાણ ગત તા. ૨૧/૩/નાં રોજ પોતાના રહેણાંક મકાનના મુખ્ય દરવાજા ઉપર તાળુ મારી, પોતાના પરીવાર સાથે રમજાન માસ અન્વયે નમાજમાં ગયેલ હોય, તે દરમિયાન સાંજના પોણા સાતથી સાડા સાત વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ઈસમ મેઈન દરવાજાનું તાળુ તોડી, ઘરમાં પ્રવેશ કરી ઘરનો સામાન વેરવિખેર કરી, પરચુરણ રોકડ રૂ.૫,૦૦૦ ની ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે જે તે સમયે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરુધ્ધ



કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હોય, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ઉપરોકત ઘરફોડ ચોરીના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ કરી અને બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે ગત તા. ૨૭/૩ ના નાઈટ પેટ્રોલીંગ દરમિયાન રાજુલા ટાઉનમાંથી યુસુફભાઈ હમીદભાઈ રફાઈ, (રહે.અમદાવાદ) નામનાં ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, સઘન પુછપરછ કરતા ઉપરોકત ઘરફોડ ચોરી તેમજ સને ૨૦૧૭ માં રાજુલામાં ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, રોકડ રૂપિયા ૪,૩૫૩ તથા એક લોખંડનો સળીયો રૂપિયા ૧૦ મળી કુલ રૂ.પિયા ૪,૩૬૩ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ છે.

પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતાં પકડાયેલ આરોપીએ અગાઉ સને ૨૦૧૭ નાં વર્ષમાં રાજુલામાં ખોડીયાર માતાજીના મંદીરની બાજુમાં આવેલ એક બંધ મકાનનું તાળુ તોડી તેમાંથી રોકડ રકમ, સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોવાની હકિકત જણાવેલ હતી

## બાબરાનાં યુવકે નીલવડા ગામે વગર ડીગ્રીએ આરોગ્ય સેવા શરૂ કરી

અમરેલીઃ બાબરાની રામનગર સોસાયટીમાં રહેતા પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયાએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર બાબરા તાલુકાના નિલવડા ગામે કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલ કરી અને સારવાર આપી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત અલગ અલગ સાધન સામગ્રી નંગ-૨૨ કિંમત રૂા. ૧૮૫૯૦ ના મુદ્દામાલ સાથે મેડિકલ પ્રેક્ટિસ કરતા અને પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરતા હોય. આ અંગે કોટડાપીઠા મેડીકલ ઓફીસર ડો. નિધી બી. ખેરે તેમને ઝડપી લઈ બાબરા પોલીસમાં પ્રતિકભાઈ જુગલભાઈ ગોંડલીયામાં ફરિયાદ નોંધાવી છે.

# ઓલ ઈન્ડિયા ક્ષેત્રે લાંબી કૂદમાં સિધ્ધિ મેળવી

સાવરકુંડલાઃ

ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસમાં પ્રથમ વખત લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર હીટ અને ફીટ માલવિયા નુતનબેન.. ૨૦ થી વધારે નેશનલ ગેમ્સનો અનુભવ દસથી વધારે ગોલ્ડ ચાર સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવનાર ફરી એકવાર અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરી.. ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ દ્વારા ચંદીગઢ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત એટલેટીક્સ મિટમાં ગુજરાતની પ્રથમ મહિલા માલવિયા નૂતનબેને લાંબી કુદમાં ગોલ્ડ મેડલ મેળવી અમરેલી જિલ્લાની ગાવડકા પ્રા. શાળા તથા



સમગ્ર શિક્ષણ વિભાગનું નામ રોશન કર્યું. તેની આ સિધ્ધિને સાવરકુંડલાના અગ્રણી બિલ્ડર કરશનભાઈ ડોબરીયાએ બિરદાવી અને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગીર સોમનાથનું ગૌરવઃડો. ડી.કે. વાજાની સાહિત્યનો અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ માટે પસંદગી

ઉનાઃઉનામાં ઉચ્ચત્તર માધ્યમિક શાળા શિક્ષક તરીકે ફરજ બજાવતા ડો.ડી. કે, વાજાને "દાર્શનિક"ની ગીર સોમનાથ જિલ્લામાંથી સાહિત્યનો અતુલ્ય વારસો આઈડેન્ટી એવોર્ડ-૨૦૨૪ માટે પસંદગી કરવામાં આવી. આવનાર દિવસોમાં શિક્ષકને એવોર્ડ ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવશે.

'શિક્ષક સંહિતા' શિક્ષકની ધરોહર તથા તેમના જ્યોતિ પુંજ લક્ષણોનો સંચિત પુસ્તક ગણીને પસંદગી થતા શાળા, કુટુંબ, સમાજ



તથા મિત્રોએ હદયથી શુભેચ્છા પાઠવી હતી. સાહિત્યસર્જન ક્ષેત્રે તેઓ ૩૦ વર્ષથી ઉત્તમ સર્જન કરી રહ્યા છે. ડી કે વાજા એ ૯૦૦ દોહરા' ૭૦૦ નવ્યાંક,૪૫૦ હાઈકું અને ૨૦૦ જેટલા કાવ્યો (ગીત,ગઝલ અને સોનેટ) સંક્ષિપ્ત ગુજરાતી વ્યાકરણ, આઝાદીકા અમૃતોત્સવ, લેખન પૂર્ણ કરેલ છે. મનમુક્તિધામ લેખનમાં કાર્યરત છે. જે વિપુલ પ્રમાણમાં સર્જન કરીને સાહિત્યની ઉમદા સેવા કરી છે. ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી લોકોની શુભકામઓનો પાઠવવામાં આવી હતી. આ એવોર્ડ તા. ૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગાંધીનગર ખાતે એનાયત થશે.

# કબીર ટેકરી આશ્રમ ખાતે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલાઃઆજ રોજ તારીખ ૨૮-૩-૨૪ ને ગુરુવારે શ્રી સદગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ?સ્ટ સવારકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવે છે . આ કેમ્પની અંદર ઓ.પી. ડી.માં ૮૦ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૩૦ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનુ દિપ પ્રાગટય કબીર ટેકરીનાં મહંત શ્રી નારાયણ સાહેબ દ્વારા સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી તથા હોસ્પિટલના તબીબી કર્મચારીઓની ઉપસ્થિતમાં કરવામાં આવેલ.. આ તકે સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ,જગદીશભાઈ જેઠવા જિતેનભાઈ હેલૈયા, ચીમનભાઈ નાથજી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ, સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેશભાઈ ભીલ તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરુવારે છેલ્લા ૧૩ વર્ષથી યોજાય છે

# લુ લાગવાથી બચીએ: તકેદારીના પગલાં ભરીએ: આપત્તિ વ્યવસ્થાપન તંત્રનો અનુરોધ

(અતુલ કારિયા) અમરેલીઃ

અમરેલી જિલ્લામાં આગામી દિવસોમાં હીટ વેવની સંભાવનાઓને જોતા હીટ વેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તે અંગે અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા માર્ગદર્શિકા આપવામાં આવી છે.

શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર.એસ દ્રાવણ અથવા ઘરે બનાવેલા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ,નારિયેળ પાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો. વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરવા. ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપી થી ઢાંકી રાખો. આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો. પ્રાથમિક સારવાર માટેની તાલીમ મેળવી લેવી. બાળકો, વૃધ્ધો, બીમાર વ્યક્તિ અને વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ લુના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી લેવી.

કામદાર અને નોકરીદાતા માટે કાર્યના સ્થળે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા કરવી. તમામ કામદાર માટે આરામની વ્યવસ્થા, શુધ્ધ પાણી, છાશ, ઓ.આર.એસ,બરફના પેક પ્રાથમિક સારવાર પેટીની વ્યવસ્થા કરવી. કાર્ય કરતી વખતે સીધો સૂર્યપ્રકાશ આવે તેવી સ્થિતીને ટાળવી. સખત મહેનતનું કામ હોય તે તેને દિવસના ઠંડા સમયમાં ગોઠવવું. બહારની પ્રવ્રુતિઓ માટે વિશ્રાંતી સમય અને તેની સંખ્યા વધારવી. જે કામદાર વધુ ગરમી વાળા વિસ્તારમાં કાર્ય કરવા ટેવાયેલ નથી તેમને હળવું તેમજ ઓછી અવધી માટેનું કામ આપવું. સગર્ભા સ્ત્રીઓ તેમજ શારીરિક નબળાઈ ધરાવતા કામદાર ઉપર વિશેષ ધ્યાન આપો. કામદારોને હીટ વેવ એલેર્ટ વિશે માહિતગાર કરવા. શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો. ઘરગથ્થુ ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીનું ધાણાજીરુ નાખેલું કચુંબર લુ લાગવાની શક્યતા ઘટાડી શકે છે.

ઘરને શીતળ રાખવા માટે ઘરની દીવાલોને સફેદ રંગથી રંગો. ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે કૂલ રુફ ટેકનોલોજી, હવાની અવર જવર માટે ક્રોસ વેંટીલેશન અને થર્મો કૂલ ઈન્સુલેશનનો ઉપયોગ કરો. સૂકા ઘાસની ગંજી છત પર રાખો અથવા શાકભાજી પણ ઉગાડી શકો. ઘરની બારીઓ ઉપર સૂર્યપ્રકાશને પરાવર્તિત કરવા માટે એલ્યુમિનીયમ ફોઈલ કવર વાળા પૂંઠા લગાવો. ઘેરા રંગના પડદા, બારીઓને રંગીન કાચ લગાવો અથવા સનશેડ લગાવો અને ફક્ત રાત્રે જ બારીઓ ખોલો. બને ત્યાં સુધી નીચેના માળ ઉપર રહો. લીલા રંગના છાપરા, ઈન્ડોર છોડ મકાનને કુદરતી રીતે ઠંડું રાખે છે અને એયર કંડીશનરનો ઉપયોગ ઘટાડે છે અને તેમાંથી બહર નીકળતી વધારાની ગરમીને ઓછી રાખે છે. એયર કંડીશનરનું તાપમાન ૨૪ ડીગ્રી કે તેનાથી વધુ રાખો. આને કારણે તમારુ વીજળીનું બિલ ઓછું થશે અને સાથે તમારી સ્વસ્થતાનું પણ ધ્યાન રાખશે. નવા ઘરના બાંધકામ વખતે રાબેતા મુજબની દીવાલને બદલે છીદ્રાળુ દીવાલ ટેકનોલોજીનો ઉપયોગ કરો. જાડી દીવાલનું ચણતર કરો, જે ઘરને અંદરથી ઠંડુ રાખશે. નીચેથી જાળીદાર દીવાલ ચણતર કરો કે જે ગરમીને રોકશે અને વધુ હવાને પસાર થવા દેશે. દીવાલને રંગવા માટે ચૂનો અથવા કાદવ જેવા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરો. બાંધકામ પૂર્વે મકાન બાંધકામના નિષ્ણાંતની સલાહ લો.

લુ લાગી હોય તેવી વ્યક્તિની સારવારઃ ભીના કપડાંનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડી શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ઓ.આર.એસ અથવા લીંબુ સરબત-તોરાની જેવું પ્રવાહી આપો. વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા. જો શરીરનું તાપમાન એકધારુ વધતું હોય, માથાનો દુઃખાવો અસહ્ય હોય, ચક્કર આવતા હોય, નબળાઈ હોય ઊલ્ટી થતી હોય કે બેભાન થઈ ગયા હોય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી લેવી જોઈએ.

આટલું ન કરોઃ બપોરના ૧૨ વાગ્યા થી ૦૩ વાગ્યા સુધી તડકામાં ન જવું. બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી. ઉઘાડા પગે બહાર ન જવું. આ સમયે રસોઈ ન કરો. રસોડામાં હવાની અવર જવર માટે બારી અને બારણા ખુલ્લા રાખો. શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા શરાબ, ચા, કોફી સોફ્ટ ડ્રીંક ન લેવા. પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠા વાળા આહારને ત્યજવો. પાર્ક્ડ વાહનોમાં પાળતું પ્રાણી કે બાળકોને એકલા ન રાખો. વધારે પડતી રોશની વાળા વીજળીના બલ્બનો ઉપયોગ ટાળો અને જરુરના હોય તો કોમ્પ્યુટર કે બીજા ઉપકરણને બંધ રાખો.

કૃષિ વિષયકઃ ઉભા પાકને હળવું તેમજ વારંવાર સિંચન કરો. પાક વિકાસની મહત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો. નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો. વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો. વિસ્તાર હીટ વેવ કે લુ ફૂંકાતા પવન વાળા વિસ્તારમાં આવતો હોય તો સ્પ્રિંકલરથી સિંચાઈ કરો.

પશુપાલનઃ પશુઓને છાયંડામાં રાખો અને તેમને શુધ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો. તેમની પાસેથી સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી કામ ના લેવું. આશ્રય સ્થાનનું તાપમાન ઓછું કરવા માટે તેના છતને ઘાંસની ગંજીથી ઢાંકો. અથવા તો છાણ કાદવ અથવા સફેદ રંગથી રંગો, આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો કે ફોગર્સ લગાવો. બહુ જ ગરમી હોય તેવા સંજોગોમાં પાણીનો છંટકાવ કરો. પશુને પાણીના હવાડા નજીક લઈ જવા. આહારમાં તેમને લીલો ચારો આપો, પ્રોટીન ચરબી વગરનો આહાર આપો. ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો. જ્યારે બહુ ગરમી ન પડતી હોય એ સમયે ચરાવવા લઈ જાઓ. મરઘા ઉછેર કેંદ્રમાં પડદા લગાવો અને હવાઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો. આટલું ન કરોઃ બપોરના સમયે પશુઓને ચરવા ન લઈ જાવ તેમ અમરેલી આપત્તિ વ્યવસ્થાપન તંત્ર નિવાસી અધિક કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## બગસરાનાં હામાપુર ગામે પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી મકાન સળગાવવાનો પ્રયાસ

અમરેલીઃબગસરા તાલુકાના હામાપુર ગામે રહેતા અશોકભાઈ કડવાભાઈ દેગામા નામનાં ૩૨ વર્ષિય યુવકના ઘર ઉપર ગત તા. ૨૦/૩ના રોજ કોઈ અજાણ્યા ઈસમે કાચની બોટલોમાં પેટ્રોલ ભરી યુવકના ઘરનો નાશ કરવાના ઈરાદે રસોડા ઉપર પેટ્રોલ ભરેલ બોટલ ફેંકી રસોડાના ઉપરના ભાગે રહેલ તાલપત્રી સળગાવી દઈ અને મકાનમાં આશરે રૂા. ૧૦૦૦ નું નુકસાનકર્યાની ફરિયાદ બગસરા પોલીસમાં નોંધાઈ છે.

## સાવરકુંડલાના ખ્યાતનામ આંખના તબીબનું અવસાનઃ શુભેચ્છકોમાં ગમગીની છવાઈ



સાવરકુંડલાઃસાવરકુંડલા ખાતે પોતાની આંખની હોસ્પિટલ ધરાવનાર સાવરકુંડલાનાં આંખના પ્રતિષ્ઠિત તબીબ ડો. વિનોદભાઈ જીણાભાઈ પટેલનું નિધન થતાં શહેરને એક સારા આંખના તબીબની ખોટ વર્તાય. ૨૭-૩-૨૪ને બુધવારે અમદાવાદ ખાતે તેમનો દેહાંત થતાં તેમના પરિવાર તથા શુભેચ્છકોમાં ગમગીની છવાઈ ગઈ હતી. પોતે ખૂબ જ મિલનસાર અને વિનોદી સ્વભાવ ધરાવતા હતા. અને દર્દીઓમાં પણ સારી ચાહના ધરાવતાં હતાં. તેમના નિધનથી સાવરકુંડલા શહેરને એક સારા આંખના તબીબની ખોટ કાયમ વર્તાશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભાજપની નવા ઉમેદવારોની સરપ્રાઈઝ યાદી

આખો ભારત દેશ આગામી ત્રણ મહિના માટે ચૂંટણી જવાનો છે રાજકીય નેતાઓ અને પક્ષના વચનો અને ઇરાદા ના અવનવાર પ્રકારો તેમાં પ્રજાને જોવા મળશે જાણવા મળશે આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપાએ કુલ ૪૦૫ ઉમેદવાર ફાઇનલ કરી નાખ્યા છે. મંગળવારે છઠ્ઠી યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં રાજસ્થાનથી બે ઉમેદવાર અને એક મણિપુરથી હતા. રવિવારે પાંચમી યાદીમાં ૧૧ નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. ભાજપે તબક્કાવાર ૬ યાદી જાહેર કરી મહારાષ્ટ્ર, હરિયાણા, યુપી, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી સહિત રાજ્યોના ઉમેદવાર ફાઇનલ કર્યા છે. લોક્સભાની ચૂંટણી માટે ભાજપ મોવડીમંડળે ઉમેદવારોની પાંચમી યાદીમાં અનેક મોટા ફેરફાર જોવા મળ્યા છે. અનેક સ દિગ્ગજોની ટિકિટ કપાઈ છે નવા ચહેરા પર દાવ લગાવ્યાનુ ચિત્ર બા છે. ત્રણ બેઠકો પર ઉમેદવારોનાં નામ જાહેર થયાં પછી ચૂંટણી ૨૦ લડવાના ઇનકાર બાદ નવા ચહેરાને તક આપવામાં આવી છે. હ ભાજપના પાંચમા લિસ્ટમાં ૩૭ સાંસદોનાં નામ ગાયબ છે. જે ? મુખ્ય નેતાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે તેમાં ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત, રામાયણ સિરિયલમાં રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલનાં નામ છે. મેનકા ગાંધીને ટિકિટ આપવામાં આવી છે, તો તેમના પુત્ર વરુણનું પત્તું કપાયું છે. હરિયાણામાં કોંગ્રેસમાં બે વેળા સાંસદ રહેલા નવીન જિંદલનો. કુરુક્ષેત્રથી અને અપક્ષ વિધાનસભ્ય અને રાજ્ય સરકારમાં પ્રધાન રણજિત ચૌટાલાને હિસારથી ટિકિટ આપવામાં આવી છે. તેઓ બે દિવસ પહેલાં જ ભાજપમાં જોડાયા હતા. તેઓ ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન ચૌધરી દેવીલાલના પુત્ર અને ઓમપ્રકાશ ચોટાલાના ભાઈ છે. ચૌધરી વીરેન્દ્ર સિંહ અને તેમના પુત્ર સાંસદ બૃજેન્દ્ર સિંહના ભાજપ છોડયા પછી પક્ષને હિસાર બેઠક પર શક્તિશાળી ઉમેદવારની આવશ્યક્તા હતી. વાયનાડમાં રાહુલ ગાંધી સામે ભાજપના પ્રદેશાધ્યક્ષ કે. સુરેન્દ્રનૂને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

ભાજપે બિહારમાં પોતાના અનેક મુખ્ય નેતાઓ પર ફ્રરીથી વિશ્વાસ મૂક્યો છે, જેમાં રવિશંકર પ્રસાદ, રાજીવ પ્રતાપ રૂડી, નિત્યાનંદ રાયગિરિરાજ સિંહ, આર. કે. સિંહ, રાધામોહન સિંહનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં પક્ષને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જગદીશ શેટ્ટારને ઉમેદવાર બનાવ્યા છે.

# ભાવનગર રાજયના વિકાસ અને સ્થિરતા માટેનું મુખ્ય કારણ રાજવીઓ અને દીવાનોએ પરંપરાને અનુસરીને કરેલાં પ્રજાકીય કાર્યો

## સૌરાષ્ટ્રભરમાં સૌથી વધારે ભાવનગરમાં કેળવણી વિકસાવવા તરફ ધ્યાન અપાયું

## ઈ.સ. ૧૮૮૪માં ''શામળદાસ કોલેજ''ની શરૂઆત થઈ હતી

## 'સુધરવું છે તો પૂર્ણ રીતે'

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ભાવનગરે ઉચ્ચ પ્રકારનું માળખું પુરુ પાડીને કાયમી સ્થિર અને સંગીન વહીવટીતંત્રની સ્થાપના કરી, કાઠિયાવાડના અન્ય રાજયોની સરખામણીમાં કેટલાક પાયાના અને ક્રાંતિકારી સુધારાઓ દાખલ કર્યા જેથી આદર્શરાજય બની શક્યું. વિકાસ અને સ્થિરતા માટેનું મુખ્ય કારણ ભાવનગરના રાજવીઓ અને દિવાનોએ પરંપરાને અનુસરીને વિવિધ પ્રકારનાં પ્રજાકીય કાર્યો હાથ ધર્યા હતાં.

મહારાજા તખ્તસિંહજીએ ઈ.સ. ૧૮૭૫માં મુંબઈ, આગ્રા, દિલ્હી, કલકત્તા, ઇન્દોર, લાહોર, અમૃતસર, હરિદ્વાર, ભરતપુર વગેરે સ્થળોનો પ્રવાસ પોતાના ટ્યુટર અને કમ્પેનિયન કર્નલ નટ સાથે કરેલો. યાત્રાસ્થળ કાશી ખાતે બ્રાહ્મણોદ્વારા પંચદ્રવ્ય દ્વારા વિધિ કરાવવામાં આવ્યો ત્યારે તેમણે આમાશું આવે? આ આચમન શામાટે કરવાનું? બ્રામ્હણો જણાવે છે. પૂર્વેની ભૂલો સુધારવા, શરીરની પવિત્રતાની ભાવનામાટે આ આચમન હોય છે. મહારાજા થોડું આચમન લેવાને બદલે બધુજ પીગયા. અને જણાવ્યું 'સુધરવું છે તો પૂર્ણ રીતે.'



પોતાના જીવન-વ્યવહારમાં પરિવર્તન લાવવા સ્વયંરીતે નિર્ધાર કર્યો. પોતે ખુબજ ખુશ થયા છે તેમ જણાવ્યું. અને યાત્રા પછી નાં તેમના વ્યવહાર અને કાર્યોમાં તેના દર્શન થાય છે. તેમણે લોકકલ્યાણના તેમજ ધાર્મિક કામો કરવા શરૂ કર્યા. એક દંતકથા રૂપ વાત છે કે, ભાવનગરમાં એક સંત આવેલા તખ્તસિંહજીને તેમને મળવા જવાનું થયું. સંત અને મહારાજા એક બીજાને સામ સામે જોઈ રહ્યા. સંતને જોઈને મહારાજા પ્રભાવિત થયા, સંતે મહારાજાને જોઈને કહ્યું. "તખ્તા હાથકર પખતા નહિતર નહીં રહે વખતા." સંતના શબ્દો સાંભળ્યા પછી તખ્તસિંહજીમાં ગજબનું પરિવર્તન આવ્યું. તેમણે રાજયવિકાસના કામો કરવામાં પાછું વાળીને જોયું નહોતું.

બ્રિટિશસત્તા કાઠિયાવાડમાં સુદ્રઢ થયા પહેલા થોડી-ઘણી ધૂડી નિશાળો હતી. મહેતાજીઓ છોકરાઓને ભણાવતા, પાઠશાળાઓમાં શાસ્ત્રીઓ અને મદ્રેસાઓમાં મૌલવીઓ આજ પધ્ધત્તિએ ભણાવતા. શિક્ષણની પધ્ધતિ, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકમાં સમાનતા નહોતી. આ ધુડી નિશાળોમાં આંક, કક્કો-બારાખડી, લેખન વાચન, દેશીપલાખાં જેવુ પ્રાથમિક જ્ઞાન અપાતું. પ્રજાને પણ વધારે અપેક્ષા ન હતી. ઇ.સ.૧૮૪૬માં બ્રિટિશ સરકારે ઠરાવ કરેલો કે તેમને મળતી ખંડણીની આવકનો એક ટકો શિક્ષણના ખર્ચ માટે આપશે, બાકીનો ખર્ચ દેશી રાજયોએ પોતે કરવો. કાઠિયાવાડમાં આ યોજનાને પ્રતિસાદ મળ્યો નહોતો. ઇ.સ.૧૮૫૩પછી દેશી રાજયોની રાજધાનીમાં ગુજરાતી શાળાઓ શરૂથવા માંડી. સૌરાષ્ટ્ર ભરમાં સૌથી વધારે ભાવનગરમાં કેળવણી વિકાસ તરફ ધ્યાન અપાયું. ખેડૂતોના બાળકોને કેળવણી મળી રહે તે માટે ખાસ આર્થિક સહાયની યોજના જાહેરાત કરવામાં આવેલ. તખ્તસિંહજીએ શિક્ષણ મેળવ્યું, તે શિક્ષણની મહત્તા સમજતા હતાં. તેમણે રાજયમાં શિક્ષણનો વ્યાપ વધારવા ખરેખરા દિલથી પ્રોત્સાહન આપ્યું હતું. ભાવનગર રાજયના મહુવા, કુંડલા, બોટાદ, તળાજા મહાલોમાં તેમના પૂર્વજો દ્વારા શરૂ કરાયેલ શાળાઓને ઇ.સ. ૧૮૭૧માં "સેકન્ડ ગ્રેડ વર્નાક્યુલર સ્કૂલ"ની કક્ષાએ મૂકવામાં આવી. ગામડાઓમાં વધુ શાળાઓ શરૂ કરવામાં આવી. મહાલો અને મુખ્ય મથકોમાં અંગ્રેજી મિડલ સ્કૂલો શરૂ કરાઇ હતી. તખ્તસિંહજી જાણતા હતા કે શિક્ષણનો વ્યાપ ખરેખર વધારવો હોયતો માતા શિક્ષિત હોવીજોઈએ તેથી તેમણે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું. પોતાના પત્નિ ગોંડલના માજીરાજબાના નામે "માજીરાજબા કન્યા શાળા" શરૂ કરી. આ શાળામાં અંગ્રેજી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરાઇ હતી. છેવાડાના અને અન્ય ધર્મના લોકો શિક્ષણથી વંચિત નરહે માટે ઉર્દુશાળા શરૂ કરી હતી. ઇ.સ.૧૮૮૨માં બાર્ટન લાઈબ્રેરી અને મ્યુઝિયમનો પાયો નાખવામાં આવ્યો હતો. ગૌરીશંકર ઓઝાની નિવૃત્તિ પછી ઇ.સ. ૧૮૭૯થી ૧૮૮૪ સુધી શામળદાસ પ્રમાણંદદાસ મહેતા દિવાન તરીકે હતા. તેમનું અવસાન થતાં તખ્તસિંહજી ખુબજ વ્યથિત થયેલા. તેમની યાદગીરી માટે કોલેજ શરૂ કરવાનો વિચાર આવતા મુંબઈ યુનિ. માં અરજી કરવામાં આવેલ. પણ યુનિ. એ જણાવ્યુ કે ભાવનગર રાજય નાનું છે, કોલેજનો ખર્ચ ઉપાડી શકે નહીં. જો તમોને શિક્ષણ ઉત્તકર્ષમાં રસ હોયતો ગુજરાતની અમદાવાદ સ્થિત કોલેજને દાન આપો અને તમારા રાજયના શિક્ષણ મેળવવા માગતા યુવાનોને ત્યાં અભ્યાસઅર્થે મોકલવા. આવો જવાબ મળવાથી તખ્તસિંહજીએ યુનિ. ને જણાવી દીધું કે જો ખર્ચનો જ સવાલ હોયતો ભાવનગર રાજયની તમામ મહેસૂલી આવક કોલેજ માટે ખર્ચવાની બહેધરી આપવામાં આવે છે. અંતે મુંબઈ યુનિ. એ કોલેજ શરૂ કરવા માન્યતા આપી. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અને ગુજરાતની બીજી કોલેજ શરૂ કરવાનું શ્રેય તખ્તસિંહજીને જાય છે. મહારાજાએ પોતાના રાજયની બહાર અમદાવાદની ગુજરાત કોલેજને અને પુનાની ફર્ગ્યુસન કોલેજને મોટી રકમ ગ્રાન્ટ તરીકે આપી હતી. શામળદાસ કોલેજના યોગ્ય પ્રિન્સિપાલની શોધમાટે ઈંગ્લેન્ડમાં તપાસ કરવા ભાવનગરના પૂર્વ અધિકારી અને તે સમયના બ્રિટિશ પાલમિન્ટના મેમ્બર મહેરવાનજી મંચરજી ભાવનગરીને કામ સોપવામાં આવ્યું. દરમિયાનમાં આલ્ફ્રેડ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પ્રો. ઊનવાલાએ હાઈસ્કૂલમાં જ કોલેજના વર્ગો શરૂ કરી દીધા હતા. મહેરવાનજીએ જાહેરાત આપી જેથી ૧૩૦ અરજીઓ આવતાં પસંદગી માટે રચાયેલ ખાસ પસંદગી સમિતિએ પૂર્વની વિદ્યાઓના નિષ્ણાંત આર.એચ. ગનિયનની પસંદગી કરી. પ્રો. ગનિયને ફેબ્રુઆરી ૧૮૮૮માં આચાર્ય તરીકેની જવાબદારી સ્વીકારી. શામળદાસ કોલેજ શરૂઆતની માહિતી આપતા પ્રો.કે.સી. શાહ જણાવે છે કે, "જ્યાસુધી કોલેજ માટેનું નવું મકાન તૈયાર ન થાય ત્યાં સુધી કોલેજના વર્ગો બાર્ટન લાઈબ્રેરીમાં ચલાવવા વ્યવસ્થા કરવામાં આવી હતી." ૧૮૮૫માં શામળદાસ કોલેજની સ્થાપના થયા પછી શરૂઆતના કેટલાક મહિના કોલેજ વર્ગો આલ્ફ્રેડ હાઈકૂલના મકાનમાં ચાલ્યા, પછી ઇ.સ. ૧૮૯૨ સુધી બાર્ટન લાઇબ્રેરીના એટલેકે હાલના માજીરાજબા ગર્લ્સ હાઈકૂલવાળા મકાનના જૂના ભાગમાં કોલેજ ચાલી, હાલનુ આયુર્વેદ કોલેજવાળું જાણીતું મકાન, ભાવનગર રાજયના બાહોશ બાંધકામ અધિકારી આર.પ્રોક્ટર સિમ્સે ખંતપૂર્વક તૈયાર કર્યું હતું. શામળદાસ કોલેજના નવા મકાનના એક હોલનું ઉદ્દઘાટન મુંબઈ પ્રાંતના ગવર્નર લોર્ડ રેના હસ્તે ૧૮૮૬ની ૧૭ ડિસેમ્બરના રોજ થયું હતું. સંપૂર્ણ મકાન તૈયાર થઈ જતાં ૧૮૯૩થી શામળદાસ કોલેજ નવા મકાનમાં બેસવા લાગી. અમુક વર્ષો પછી વાઘાવાડી રોડ પર કોલેજ માટે મકાન બન્યું ત્યાં આર્ટ્સ અને સાઇન્સ કોલેજ તરીકે શામળદાસ કોલેજ બેસતી હતી. સાઇન્સ અને આર્ટ્સ કોલેજ અલગ થતાં વાઘવાડી રોડ વાળા મકાનમાં સાઇન્સ વિભાગ અને હાલના મકાનમાં શામળદાસ આર્ટ્સ કોલેજ સ્થળાંતર થઈ. આમ શામળદાસ કોલેજ હાલ પાચમાં મકાનમાં ચાલી રહી છે.

આ કોલેજમાં અનેક વિદ્યાર્થીઓ એ અભ્યાસ કરી પોતાની કારકિર્દી ઉજ્જવળ બનાવી છે તે પૈકીનાં એક મોહનદાસ કરમચંદ ગાંધી છે. તે સમયે કોલેજના સત્રો જાન્યુઆરીથી જૂન અને જુલાઈથી ડિસેમ્બર સુધીના હતા. ગાંધીજી ૧૮૮૮ના જાન્યુઆરીથી એપ્રિલ સુધી એક સત્ર માટે આ કોલેજના વિદ્યાર્થી હતા. તેમને રહેવા માટે હોસ્ટેલની રૂમ તરીકે જશોનાથ મંદિરના પરિસરમાં દરવાજા પાસેની ઓરડી મળી હતી. વેકેશન શરૂ થતાં તેઓ રાજકોટ જતાં રહ્યા હતા. ગાંધીજીએ પોતાની આત્મકથામાં જણાવ્યુ છે કે, "ત્યાં મને કાંઇ આવડે નહીં, બધું મુશ્કેલ લાગે, અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં ન પડે રસ ને ન પડે સમજ. આમાં દોષ અધ્યાપકોનો નહોતો. મારી કચાશનો જ હતો. તે કાળના શામળદાસ કોલેજના અધ્યાપકો તો પહેલી પંક્તીના ગણાતા."

ગૌરીશંકરના પ્રયાસોથી ઇ.સ.૧૮૮૫માં વેદશાળાની સ્થાપના કરવામાં આવી હતી. વેદોના અધ્યન માટે આ વિષયના નિષ્ણાંત ગુરુઓની નિમણૂક કરવામાં આવી હતી. આ શાળામાં સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાંથી વિદ્યાર્થીઓ વેદઅભ્યાસ માટે આવતા હતાં. આમ ભાવનગર વૈદિકસાહિત્યના અભ્યાસનું કેન્દ્ર બન્યું હતું. આમ પ્રાથમિક શિક્ષણથી શરૂ કરીને છેક કોલેજ સુધીના શિક્ષણ વિકાસ માટે મહારાજા તખ્તસિંહજીના રાજયઅમલ દરમિયાન પ્રશંસનીય કામગીરી થયેલી જોઈ શકાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા આ અઠવાડિયામાં ફરી પાછા ફરશે. પરિણામે, જો તમને પહેલાં કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી હતી, તો તે પણ હવે દૂર થઈ જશે અને તમે તમારી સમજણ બતાવીને, યોગ્ય નિર્ણય લઈ શકશો. આ સમયે, તમે સમાજના ઘણા માનનીય લોકો સાથે વાતચીત કરી શકશો. આ સમય દરમિયાન, તમે તેમના વિવિધ અનુભવોથી તેમની વ્યૂહરચનાઓ અને નવી યોજનાઓ બનાવતા જોશો. જે તમને ભવિષ્યમાં તમારા નાણાંની કુશળતા અને સમજદારીથી રોકાણ કરવામાં મદદ કરશે. આ અઠવાડિયે કૌટુંબિક મુદ્દાઓમાં, બહારના લોકોની અનિચ્છનીય દખલ તમારા અને પરિવારના વૃદ્ધ સભ્યો વચ્ચે તણાવ પેદા કરી શકે છે. જેની અસર સીધી તમારા શબ્દોને અસર કરશે. આખા અઠવાડિયા દરમ્યાન પ્રેમીઓમાં પ્રેમ અને સમર્પણની ભાવના રહેશે. વળી, તે લોકો જે કોઈપણ કારણોસર તેમના જીવનસાથી થી દૂર રહે છે, તેમનો પ્રેમ પણ સામાન્ય કરતા વધારે ઊંડું બનશે અને તેમનો વિશ્વાસ વધશે. જે પછી તમારી વચ્ચેના આ અંતરની કોઈ અસર નહીં થાય અને એક બીજાથી દૂર હોવા છતાં પણ તમે તમારી જાતને એકબીજાની ખૂબ નજીક જોશો.

**વૃષભ - (બ, વ, ઉ) :**બીજામાં વિશ્વાસ કરવો તે ઠીક છે, પરંતુ અંધ વિશ્વાસ એ માનવી માટે હાનિકારક સાબિત થઈ શકે છે. અને નાણાકીય બાબતોમાં આ કંઈક આ અઠવાડિયામાં તમારી સાથે થવાની સંભાવના છે. તેથી, કોઈ પણ વસ્તુ અથવા કોઈ પણ ખાસ વ્યક્તિ પર આંધળો વિશ્વાસ કરવાનું ટાળો. આ અઠવાડિયે, તમારા પૈસા બિનજરૂરી વસ્તુઓ પર ખર્ચ કરવાથી તમારા માતાપિતા ગુસ્સે થઈ શકે છે. આને લીધે, શક્ય છે કે તેમની નિંદા ઉપરાંત, તમારે પણ અન્ય સભ્યોની વચ્ચે સવાલ-જવાબની પરિસ્થિતિમાં જવું પડે. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ સંબંધોને કારણે ખૂબ લાચાર અથવા મૂંઝવણ અનુભવો છો. કારણ કે એવી આશંકાઓ છે કે આ સમય દરમ્યાન ફરી ફરીથી તમારા પ્રેમિકા સાથે ખૂબ જ તુચ્છ બાબતો પર પણ વિવાદ થશે. આવી સ્થિતિમાં, જો તમે ઇચ્છો તો પણ તમે કંઈપણ કરવામાં સંપૂર્ણ રીતે અસમર્થ હશો. આ રાશિના લોકો માટે આ સપ્તાહ તેમની કારકિર્દીમાં ખૂબ જ શુભ સાબિત થશે. કારણ કે આ સમય દરમિયાન તમે બધા ઇચ્છિત ફળ મેળવશો. ઉપરાંત, આ સમય તમારી કારકિર્દી અને વ્યાવસાયિક જીવનમાં સફળ રહેશે, તમને તમારા લક્ષ્યો અને મહત્વાકાંક્ષાઓ પ્રાપ્ત કરવા માટે પુષ્કળ દિશાકીય શક્તિ અને ક્ષમતા પ્રદાન કરશે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ અઠવાડિયું તમારા માટે દોડવામાં ભરેલું રહેશે, જેથી તમે બળતરા થઈ શકો આ કારણોસર આક્રમકતા તમારા સ્વભાવમાં જોવા મળશે અને તમે દરેક સાથે સીધી વાત કરવામાં તમારી જાતને એકદમ નિષ્ફળ જશો. આ અઠવાડિયે આર્થિક બાજુના ક્ષેત્રમાં તમારે ખૂબ વિચારપૂર્વક ચાલવું પડશે. કારણ કે સંભવ છે કે તમને કોઈ જૂના રોકાણથી ફાયદો થશે, પરંતુ અન્યની તાકીદની માંગણીઓ પૂરી કરવા અને ઇચ્છતા ન થતાં તમે તમારા ઘણા બધા પૈસા ગુમાવશો. જેપછી તમારે ભવિષ્યમાં પણ સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, આ સમયે અન્યને ન કહો, તમારે શીખવાની સૌથી વધુ જરૂર પડશે. તમને આ અઠવાડિયે સમાજમાં સન્માન મળશે, જો કે આ સમયમાં તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહેશે. જેના પર તમારે તમારા કેટલાક પૈસા ખર્ચ કરવા પડશે. પરંતુ આ સમય દરમિયાન, તમે તમારા પરિવારની બધી જવાબદારીઓનું ધ્યાન રાખશો, તમને ઘરમાં માન આપશે. આ અઠવાડિયે, યોગ બની રહ્યા છે કે કોઈક કારણસર અથવા બીજા કારણોસર તમારો પ્રિય વ્યક્તિ અસ્વસ્થ રહેશે. પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે તેઓના રોષ છતાં તમારા પ્રયત્નો ચાલુ રાખો, તેમના પ્રત્યેનો તમારો પ્રેમ બતાવો. આ જલ્દીથી તેમનો ગુસ્સો શાંત કરશે. તમને આ અઠવાડિયામાં તમારા ઉપરી અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તરફથી સંપૂર્ણ પ્રશંસા અને ટેકો મળશે. આ સિવાય તમારી યાત્રાઓથી તમને ઘણો ફાયદો થશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયાની શરૂઆતમાં, તમારા જીવનની તમામ પ્રકારની આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ જશે અને તેમાં સુધારણાને લીધે, અઠવાડિયાના મધ્યમાં તમને ઘણી મહત્વપૂર્ણ વસ્તુઓ ખરીદવી સરળ રહેશે. જેની સાથે તમે તમારી કમ્ફર્ટમાં વધારો કરતા જોવા મળશે. આ અઠવાડિયે તમારા પ્રત્યેના તમારા પિતાનું વર્તન તમને ખૂબ જ અસ્વસ્થ કરી શકે છે. કારણ કે શક્ય છે કે તમે કહો તે કંઇક વિશે તેઓ તમને નિંદા કરશે. આવી સ્થિતિમાં, શક્ય તેટલું કૌટુંબિક શાંતિ જાળવવા, તેમની સામે પ્રતિક્રિયા આપવાનું ટાળો, નહીં તો વિવાદ વધી શકે છે. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમ જીવનમાં સકારાત્મક ફેરફારો જોશો. તમે તમારા પ્રેમીને જીવન સાથી બનાવવા માટે કોઈ વિચાર કરી શકો છો અને આ માટે તમે તેમની સાથે વાત પણ કરી શકો છો, સકારાત્મક જવાબો મળે તેવી સંભાવના પણ છે. આ સમય દરમિયાન, ઘણા યુગલો એક સાથે પિકનિક સ્થળ માટે જઈ શકે છે.

**સિંહ - (મ, ટ) :-**આરોગ્ય સમસ્યાઓ તમારા માટે મુશ્કેલીનું કારણ બની શકે છે. આ સ્થિતિમાં, ખાસ કરીને તમારી આંખો, કાન અને નાકની સંભાળ રાખો, કારણ કે તમને તેનાથી સંક્રમિત થવાની સંભાવના છે. આ અઠવાડિયે આખરે ઘણા મૂળ વતનીઓ તેમની અગાઉના આર્થિક અવરોધોથી છૂટકારો મેળવતા જોવા મળશે. આ સમય દરમ્યાન તમને ખ્યાલ આવશે કે પરિવારના સભ્યો અને તમારા જીવનસાથી તમારા વિશે ખોટું છે, તેઓએ તમારા મુશ્કેલ સમયમાં તમને પૂરો ટેકો આપ્યો છે. આ કારણોસર તમે તમારા કેટલાક પૈસા તેમના પર ખર્ચ કરીને પણ તેમનો આભાર માનો છો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો. પરંતુ આટલા બધા પ્રયત્નો છતાં નકારાત્મક પારિવારિક વાતાવરણને કારણે તમને વિશેષ માનસિક ચિંતાઓ મળવાનું ચાલુ રહેશે. જો તમારા અને તમારા પ્રેમી વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે, તો તમારે આ અઠવાડિયામાં જ તેને ઉકેલવાની જરૂર રહેશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ સમયે થોડા પ્રયત્નોથી તમે તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરી શકો છો અને તમારું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધરશે. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. આ અઠવાડિયે તમે તમારા સબંધીઓ સાથે થોડો સમય વિતાવી શકો છો અને તેમને જરૂરી સલાહ આપી શકો છો. ઉપરાંત, આ સમયે તમારું વર્તન પરિવાર પ્રત્યે પણ સારું રહેશે, જેના કારણે તમારા માતાપિતા તમને જોઈને ખુશ થશે અને તમે પણ ખુશ થશો. આ અઠવાડિયામાં તમારી ગર્લફ્રેન્ડ / બોયફ્રેન્ડ સાથે જાહેરમાં અપમાનજનક થવાનું ટાળો. નહીં તો તે તમારી છબીને બગાડે છે, સાથે જ તમારો પ્રેમી તમારી પાસેથી તે અંતર બનાવી શકે છે, પછી તેને ફરીથી સુધારવું તમારા માટે સરળ રહેશે નહીં. આ અઠવાડિયે કારકિર્દીની આગાહી સૂચવે છે કે આ રાશિના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને ઘણા ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિથી અનુકૂળ પરિણામ મળશે.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારે તમારી દૃષ્ટિની દ્રષ્ટિએ, તમારી આજુબાજુ પડી ગયેલી ઝાકળને લઈને તમારા પ્રયત્નોથી પોતાને દૂર કરવાની જરૂર પડશે. કારણ કે તમારે સમજવું પડશે કે આ ધૂળ તમારી પ્રગતિને અવરોધે છે. તેથી તે કંઈક સારું કરવા માટેનો સમય છે, તેમાંથી બહાર નીકળવું. આ અઠવાડિયે તમારે જમીન, સ્થાવર મિલકત અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે આ સમય આ યોજનાઓમાં રોકાણ માટે શ્રેષ્ઠ સંયોજન બનાવી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ તકોને તમારા હાથથી ન જવા દો, તેનો શ્રેષ્ઠ લાભ લો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો. પરંતુ આટલા બધા પ્રયત્નો છતાં નકારાત્મક પારિવારિક વાતાવરણને કારણે તમને વિશેષ માનસિક ચિંતાઓ મળવાનું ચાલુ રહેશે. જો આપણે પ્રેમીઓ વિશે વાત કરીએ, તો પછી આ અઠવાડિયે કોઈ નવી વ્યક્તિને તેમની પ્રેમ જીવનમાં દખલ કરશે. જેના કારણે તમારા સંબંધોમાં ઘણી ગેરસમજો ઉભી થાય છે. કાર્યસ્થળ પર અન્ય પ્રત્યેનું તમારું હલકી ગુણવત્તા તમારા મનમાં અનેક શંકાઓ ઉભી કરી શકે છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમારી આંખો, કાન અને નાકની સંભાળ રાખો, કારણ કે તમને તેનાથી સંક્રમિત થવાની સંભાવના છે. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપતિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. આ અઠવાડિયું કુટુંબના સભ્યો માટે મનોરંજક રહેશે, ઘરના વાતાવરણને હળવા અને સુખદ બનાવવામાં તમને મદદ કરશે. આ સાથે, અઠવાડિયાના ઉત્તરાર્ધમાં, અચાનક દૂરના કોઈ સંબંધી તરફથી કોઈ સારા સમાચાર આખા પરિવારને ખુશહાલી આપશે. આ અઠવાડિયે, જો તમે પ્રેમીની કોઈપણ આદતને કારણે લાંબા સમયથી પીડાતા હોવ, તો તમારે તમારા જીવનસાથી સાથે બેસીને વાતચીત કરવાની જરૂર રહેશે. આવી સ્થિતિમાં, તમારે તમારા મનની વસ્તુઓ તમારા પ્રેમી સાથે શેર કરવી જોઈએ. કારણ કે તે તમારી વચ્ચે આવતી ઘણી ગેરસમજોને દૂર કરવામાં મદદ કરશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** જો તમે કોઈ લાંબી સમસ્યાથી પીડાતા હો, તો પછી આ સમસ્યાને સંપૂર્ણ રીતે છુટકારો મેળવવા માટે આ સમય પણ કામ કરશે. આ અઠવાડિયામાં ઓફિસમાં તેમની અગાઉની મહેનત મુજબ રોજગાર લોકોને પૈસાની પ્રાપ્તિથી સારા લાભ મળશે. ઉપરાંત, જો તમે અત્યાર સુધી બેરોજગાર હો અને સારી નોકરીની શોધમાં હોત, તો તમને આ અઠવાડિયે સારી સંસ્થામાં સારા પગાર સાથે સારી ઓફર મળવાની અપેક્ષા છે. તેથી આ સમયે દરેક તકનો યોગ્ય લાભ લો, તેને તમારા હાથમાંથી લપસી ન દો. પરિવારના સભ્યો સાથે હળવા અને શાંત સપ્તાહનો આનંદ માણો. જો લોકો તમારી પાસે સમસ્યાઓ સાથે આવે છે, તો પછી તેમને અવગણો અને તેમને તમારી માનસિક શાંતિને ખલેલ પહોંચાડો નહીં. જો શક્ય હોય તો, ઘરે રહીને તમારો ફોન બંધ રાખો. આ અઠવાડિયે તમારા અંગત જીવનમાં ચાલી રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓ તમારા જીવનમાં થાક અને ઉદાસી વધારી શકે છે. આ ફક્ત તમને જ પરેશાન કરશે નહીં, પરંતુ આ પરિસ્થિતિઓ જોયા પછી તમારો પ્રેમી પણ તનાવ અનુભવી શકે છે.

**મકર - (ખ, જ) :-** તમને સમય-સમય પર શરદી, જુખામ વગેરે નાની-મોટી સમસ્યાઓથી પોતાને બચાવવા સલાહ આપવામાં આવે છે. આ અઠવાડિયે, યોગ ચાલુ છે કે તમારું કોઈપણ ઉપકરણ અથવા ઇલેક્ટ્રોનિક માલ અથવા કોઈપણ પ્રકારનું ગેજેટ ખરાબ થઈ શકે છે. જેના પર તમારે તમારી નાણાકીય યોજના કરતા પણ વધારે ખર્ચ કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ તમારા સામાનની સંભાળ રાખવી તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે, તમારું મન ઘરે કેટલાક ફેરફારો કરવા માટે ઉત્સુક દેખાશે. જો કે, ઘરને લગતા કોઈ ફેરફાર કરતા પહેલા અથવા કોઈ નિર્ણય લેતા પહેલા બાકીના લોકોના મંતવ્યો સારી રીતે જાણો. નહિંતર, તમે ન માંગતા હોવ તો પણ તમે નકામું ટીકાના ભોગ બની શકો છો. જો પાછલા અઠવાડિયામાં તમારા પ્રેમ સંબંધમાં કોઈ વિવાદ સર્જાયો હતો, તો પછી આ અઠવાડિયે તમે અને તમારા પ્રેમી તેના નિરાકરણ માટે સાથે મળીને કામ કરતા જોશો. આ સમય દરમિયાન, તમારો પ્રેમી તમારી, તમારી ભૂલ અથવા તમારી ખરાબ વર્તનથી માફી માંગી શકે છે.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. તમે ઘણી વાર તમારી ક્ષમતાઓ કરતા અન્યને વચન આપો છો, જેના કારણે તમે તમારી જાતને મુશ્કેલીમાં મુકવા માંગતા નથી. પરંતુ આ અઠવાડિયામાં તમારે આ કરવાનું ટાળવું પડશે. અન્યથા તમે તમારી ઓળખપત્રો પણ ગુમાવી શકો છો. તેથી તમે જે કાર્ય પૂર્ણ કરવા માટે સક્ષમ છો તે વચન આપો. આ અઠવાડિયે, તમારા પ્રેમી અને રોમાંસ તમારા મન અને હૃદય પર પ્રભુત્વ ધરાવશે. જેથી તમે કરો છો તે બધા કાર્યોમાં તમે તેમની ગેરહાજરીનો અનુભવ કરશો. આવી સ્થિતિમાં, તમારે ઓફિસથી ઝડપી રજા લેવી જોઈએ અને પ્રેમીને મળવાનું પણ નક્કી કરવું જોઈએ. આ અઠવાડિયે, તમે કોઈપણ ખર્ચાળ કાર્યમાં હાથ મૂકી શકો છો અથવા કારકિર્દીની વૃદ્ધિ હાંસલ કરવાની યોજના બનાવી શકો છો.

**મીન - (દ, ચ, ઝ, થ) :-**આ અઠવાડિયે તમારા ખર્ચમાં વધારો થશે, પરંતુ તમારા પરિવાર અથવા ભાગીદારની મદદથી તમે તમારા ખર્ચને નિયંત્રણમાં રાખવાનો પ્રયાસ કરી શકો છો. આ માટે તેમની સાથે યોગ્ય બજેટ બનાવવાનું વધુ સારું રહેશે, અને માત્ર ત્યારે જ કોઈ ખર્ચ ખર્ચ કરશે. યાદ રાખો કે તમે જે પણ પૈસા ખર્ચ કરી રહ્યા છો, તે ફક્ત મહત્વપૂર્ણ વસ્તુઓની ખરીદી માટે જ હોવું જોઈએ. આજુબાજુના લોકો, ખાસ કરીને પરિવારના સભ્યોના વર્તનથી તમે આ અઠવાડિયે થોડું પરેશાન થશો. આનાથી તમારું માનસિક તાણ પણ વધશે, સાથે જ તમે તેમની સાથે વિવાદ પણ કરી શકો છો. આ અઠવાડિયે, પ્રેમમાં પડતા આ રાશિના લોકોના જીવનમાં એક સુંદર વારો આવી શકે છે. તમે સમજી શકો છો કે તમારો લવમેટ તમારા માટે કેટલો મહત્વપૂર્ણ છે અને આ અનુભૂતિ દ્વારા તમે તેમને તમારા જીવનસાથી બનાવવાની સંપૂર્ણ યોજના બનાવી શકો છો. તમે તમારા પ્રિયજન સાથે પાર્ટીમાં ભાગ લઈ શકો છો. આ સપ્તાહ આંતરિક તાજગી અને તમારા મનોરંજન માટે ઉત્તમ બનશે. તમારે ફક્ત આ અઠવાડિયા દરમિયાન દરેક પ્રકારના વ્યવહાર વ્યવહાર દરમિયાન વિશેષ કાળજી લેવાની જરૂર રહેશે. તેથી, તેના વિશે વધુ સાવચેત રહો. આ અઠવાડિયે, ઘણા વિદ્યાર્થીઓ તેમના શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓ કરવાનું મન કરી શકે છે. આને કારણે, તેઓને તેમની આગામી પરીક્ષામાં ઇચ્છિત ફળો મેળવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આવી સ્થિતિમાં, પોતાને તમારા શિક્ષણ પર અને ફક્ત શક્ય તેટલું ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરો.

# દુનિયામાં વર્ષે વ્યક્તિદીઠ ૭૯ કિલો અન્નનો વેડફાટ, ૭૮ કરોડ ભૂખમરાથી પીડિત



નવીદિલ્હી,

૨૦૨૨માં દુનિયામાં પેદાં કરવામાં આવેલાં અન્નમાંથી અંદાજે ૧૯ ટકા એટલે કે ૧.૦૫ અબજ મેટ્રિક ટનનો વેડફાટ થયો હતો તેમ યુનાઈટેડ નેશન્સના નવા અહેવાલમાં જણાવ્યું હતું. તેમાં પણ સૌથી વધારે ૬૦ વેડફાટ ઘરોમાં થતો જોવા મળ્યો હતો જ્યારે રેસ્ટોરાં અને ફૂડ સર્વિસમાં આશરે ૨૮ ટકા અન્નનો વેડફાટ થયો હતો. બીજી તરફ દુનિયામાં હાલ ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે.

તાજેતરમાં યુએન પર્યાવરણ કાર્યક્રમના અન્ન બગાડ ઈન્ડેક્સ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦30 સુધીમાં અન્નનો બગાડ ઘટાડીને અડધો કરવાના વિવિધ દેશોના પ્રયાસો પર નજર રાખવામાં આવે છે. ૨૦૨૧માં પ્રકાશિત અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૧૯માં દુનિયામાં પેદાં થયેલાં અન્નના ૧૭ ટકા અથવા ૯૩.૧ કરોડ મેટ્રિક ટન અન્નનો બગાડ થયો હતો. જો કે, બંને અહેવાલોના આંકડાની સીધી સરખામણી કરવી યોગ્ય નથી કેમ કે ઘણાં દેશોમાંથી પૂરતો ડેટા મળ્યો નથી.

યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ-યુએનઈપી એન આંતરરાષ્ટ્રીય સખાવતી સંસ્થા વેસ્ટ એન્ડ રિસોર્સ એક્શન પ્રોગ્રામ -ડબલ્યુઆરએપી- દ્વારા સંયુક્ત રીતે આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. સંશોધકોએ દરેક દેશની માહિતીને ત્રણ શ્રેણીમાં વહેંચી કાઢી હતી જેમાં ઘરોમાં, ફૂડ સર્વિસ અને છૂટક વેચાણદારો દ્વારા થતાં વેડફાટની ગણતરી માંડવામાં આવી હતી. સંશોધકોના વિશ્લેષણ અનુસાર ઘરોમાં સૌથી વધારે વ્યક્તિ દીઠ વર્ષે ૭૯ કિલો અન્નનો બગાડ થયો હતો. જે દુનિયામાં દરરોજ એક અબજ ભોજન સમાન છે. ઘરોમાં ૬૦ ટકા, ફૂડ સર્વિસમાં અથવા રેસ્ટોરાંમાં આશરે ૨૮ ટકા અને આશરે બાર ટકા અન્નનો બગાડ છૂટક વેચાણકારો દ્વારા થયો હતો. દુનિયામાં જ્યારે ૭૮.૩ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. અન્નનો બગાડ એ વૈશ્વિક સમસ્યા પણ છે કેમ કે અન્નને પેદાં કરવાની પ્રક્રિયામાં પર્યાવરણ પર અસર પડે છે અને તેમાંથી મિથેન સહિત ઘણાં ગ્રીન હાઉસ ગેસ પેદાં થાય છે. ૩૦ ટકા ગ્લોબલ વોર્મિંગ માટે મિથેન ગેસ જવાબદાર ગણાય છે. અન્નના બગાડ અને કચરાંને કારણે આઠથીદસટકા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન થાય છે. જો અન્નનો બગાડ એ દેશ હોત તો ગેસ ઉત્સર્જનના મામલે તે યુએસ અને ચીન પછી ત્રીજા ક્રમે આવ્યો હોત.

નાઈજિરિયા અને કેન્યામાં થતાં અન્નના બગાડને અટકાવવા માટે થતાં પ્રયાસોનો અભ્યાસ કરતાં સંશોધક ફદીલા જુમારે જણાવ્યું હતું કે જે લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળતો નથી તેમના માટે આ સમસ્યા વધારે ઘેરી છે. માનવતાની નજરે અન્નનો બગાડ એટલે ગરીબો માટે એટલો ઓછો ખોરાક. અહેવાલમાં જણાવ્યું હતું કે ઘણી સરકારો તથા સંસ્થાઓ જાહેર અને ખાનગી પાર્ટનરશિપ દ્વારા અન્નના બગાડને અટકાવવા માટે પ્રયાસો કરી રહ્યા છે. સરકારો અને મ્યુનિસિપાલિટીઓ ફૂડ સપ્લાય ચેઈન બિઝનેસ સાથે સહકાર સાધી બિઝનેસને અન્નનો બગાડ અટકાવવાના પગલાં ભરવા બાધ્ય બનાવે છે.

# રશિયા-યુક્રેન યુદ્ધની ઈફેક્ટ, અમેરિકાની સેના પાસે તોપના ગોળાની અછત



વોશિંગ્ટન,

રશિયા અને યુક્રેન યુદ્ધના પડઘા વૈશ્વિક સ્તરે પડી રહ્યા છે. આ યુદ્ધનો ફાયદો હથિયાર બનાવતી કંપનીઓનો થઈ રહ્યો છે. બીજી તરફ અમેરિકા જેવો દેશ પણ યુક્રેનને હથિયારો સપ્લાય કરવાના કારણે તોપગોળા અને તેના મટિરિયલ માટે હવે બીજા દેશો તરફ નજર દોડાવી રહ્યો છે.

અમેરિકાએ તોપના ગોળાની સાથે-સાથે તોપના ગોળા બનાવવા માટે જરૂરી ટીએનટી અને નાઈટ્રોગુઆનિડાઈન નામના મહત્ત્વના મટિરિયલના સપ્લાય માટે તૂર્કી સાથે સોદો કર્યો છે. ૧૫૫ મિલીમીટરના તોપના ગોળાના ઉત્પાદનને અમેરિકા ત્રણ ગણુ કરવા માગે છે અને આ માટે ઉપરોક્ત મટિરિયલ મહત્ત્વનું છે.

અમેરિકાએ તૂર્કી તરફ હાથ લાંબો કરવો પડ્યો છે અને તેનું કારણ રશિયા અને યુક્રેન વચ્ચે બે વર્ષથી ચાલી રહેલો સંગ્રામ છે. આ યુદ્ધના કારણે પશ્ચિમના દેશો યુક્રેનને હથિયારો અને દારુગોળો સપ્લાય કરી રહ્યા છે અને તેના કારણે આ દેશોનો પોતાનો સ્ટોક ઘટી રહ્યો છે. બીજી તરફ ડિમાન્ડ વધી રહી હોવાથી દુનિયાભરની કંપનીઓ બેકલોગનો સામનો કરી રહી છે. ખાસ કરીને તોપના ગોળા અને બીજા બોમ્બ બનાવવા માટે વપરાતા ટીએનટી મટિરિયલની અછત વરતાઈ રહી છે. બીજી તરફ તૂર્કી આ મટિરિયલ સપ્લાય કરી શકે તેમ હોવાથી અમેરિકાએ તૂર્કી સાથે સોદો કરવાનુ નક્કી કર્યું છે.

# ટાઈટેનિકનો લાકડાનો દરવાજો હરરાજીમાં રૂા. ૫ કરોડમાં વેચાયો



મુંબઈ,

ટાઈટેનિક એ ૧૯૯૭ની જેમ્સ કેમરોન દ્વારા નિર્દેશિત ફિલ્મ છે.આ ફિલ્મ ૧૪ કેટેગરીમાં નોમિનેટ થઈ હતી અને બેસ્ટ પિક્ચર, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એડિટિંગ અને બેસ્ટ મ્યુઝિક સહિત ૧૧ ઓસ્કાર જીત્યા હતા.

૧૦ એપ્રિલ, ૧૯૧૨ના રોજ, ટાઈટેનિકે હજારો મુસાફરો સાથે તેની પ્રથમ સફર કરી. તેના પ્રક્ષેપણના દિવસોમાં, તે ઉત્તર એટલાન્ટિકમાં એક આઈસબર્ગ સાથે અથડાયું અને સમુદ્રમાં ડૂબી ગયું.

જેમાં મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યા હતા. ટાઈટેનિકનું નિર્દેશન હોલીવુડના દિગ્દર્શક જેમ્સ કેમરોને કર્યું હતું. આવી સ્થિતિમાં 'ટાઈટેનિક' જહાજના લાકડાના દરવાજાની હરાજી કરવામાં આવી છે. ફિલ્મના ક્લાઈમેક્સમાં અભિનેતા ડી કેપ્રિયો અને અભિનેત્રી કેટ વિન્સલેટ તરતા અને લાકડાનો દરવાજો પકડીને જોવા મળશે. લાકડાના દરવાજાની હરાજી કોઈએ ૭૧૮,૭૫૦માં કરી હતી. એટલે કે ભારતીય કિંમતો અનુસાર તેણે 'ટાઈટેનિક' જહાજનો લાકડાનો દરવાજો લગભગ ૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

# અલ્લુ અર્જુને રામ ચરણ સાથે 'નાટુ-નાટુ' પર જોરદાર ડાન્સ કર્યો



મુંબઈ,

દરમિયાન, અભિનેતાના પરિવાર અને મિત્રો સિવાય, 'પુષ્પા ૨' ફેમ અલ્લુ અર્જુન પણ એક પાર્ટીમાં મસ્તી કરતો જોવા મળે છે. આ વાયરલ વીડિયોમાં અલ્લુ અર્જુન તેના પિતરાઈ ભાઈ રામ ચરણ સાથે જોવા મળી રહ્યો છે. અલ્લુ અર્જુન અને રામ ચરણ બંને આ દિવસોમાં તેમની આગામી ફિલ્મોને લઈને ચર્ચામાં છે. બીજી તરફ, ફિલ્મ ઈઈઈ રિલીઝ થયાને ૨ વર્ષ થઈ ગયા છે, પરંતુ આ ફિલ્મના ગીત 'નટુ-નટુ'નો ફિવર હજુ સુધી લોકો અને સ્ટાર્સના માથા પરથી ઉતર્યો નથી. વાયરલ વીડિયોમાં તમે અલ્લુ અર્જુન અને રામ ચરણને 'નટુ-નટુ' પર એકસાથે ડાન્સ કરતા જોઈ શકાય છે અલ્લુ અર્જુને તેમના જન્મદિવસ પર રામ ચરણને શુભેચ્છા પાઠવતા કેટલીક તસવીરોનો એક વીડિયો શેર કર્યો છે.

# અભિનેતા ગોવિંદા શિવસેનાના જૂથમાં જોડાયા ઉત્તર-પશ્ચિમ મુંબઈથી ચૂંટણી લડી શકે છે



મુંબઈ

બોલિવૂડના ફેમસ એક્ટર ગોવિંદા લાંબા સમય બાદ ફરી એકવાર રાજકારણમાં પરત ફર્યા છે. ગોવિંદા આજે શિવસેનાના શિંદે જૂથમાં જોડાયા છે. આજે સીએમ એકનાથ શિંદેને મળ્યા બાદ તેઓ ઔપચારિક રીતે સક્રિય રાજકારણનો ભાગ બની ગયા છે. એવું માનવામાં આવે છે કે આગામી ચૂંટણી દરમિયાન ગોવિંદા ચૂંટણી મેદાનમાં ઉતરશે. એવી અટકળો છે કે તેઓ ઉત્તર-પશ્ચિમ મુંબઈથી ચૂંટણી લડી શકે છે. આ દરમિયાન તેણે કહ્યું કે મને જે જવાબદારી આપવામાં આવી છે તે હું ઈમાનદારીથી નિભાવીશ.

ગોવિંદાએ રાજનીતિમાં ડેબ્યૂ વર્ષ ૨૦૦૪માં કર્યું હતું. ત્યાર બાદ તેઓ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર જીતીને સંસદ ભવન પહોંચ્યા હતા. તેઓ ૨૦ વર્ષ પહેલા ઉત્તર મુંબઈથી ચૂંટણી જીત્યા હતા.

# કચ્છની ગરબા-ક્વીન ગીતા રબારીએ પૅરિસમાં બોલાવી ગરબાની રમઝટ

મુંબઈ

કચ્છની ગરબા-ક્વીન ગણાતી ગીતા રબારી આજકાલ ફ્રાન્સમાં મહાલી રહી છે. માત્ર મહાલી જ નથી રહી, તેણે ફ્રાન્સના ગુજરાતીઓને ગરબાના રંગમાં તરબોળ પણ કરી દીધા. જો સવાલ થાય કે આ બિનમોસમી ગરબા પાછળનું કારણ શું? એનો જવાબ ગીતા રબારીની ફેસબુક-પોસ્ટમાંથી મળે છે. તે લખે છે, 'આપણા ગુજરાતના ગરબાને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળ્યું એ આપણા સૌ ગુજરાતીઓ માટે ગર્વની વાત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપણી સંસ્કૃતિને આજે વિશ્વના નકશા પર પહોંચાડી દીધી છે માટે આજે ગર્વ થાય છે ગુજરાતી હોવાનો અને ભારતીય હોવાનો. ગુજરાત સરકાર અને ભારતીય દૂતાવાસ દ્વારા પૅરિસમાં ગરબાનું આયોજન થયું હતું અને ૨૦૦૦થી પણ વધારે ગુજરાતીઓ માતાજીના ગરબા ખૂબ મોજથી રમ્યા હતા.'

પૅરિસમાં ગીતા રબારી ભરતકામ કરેલા ટિપિકલ કૉસ્ચ્યુમમાં જ ગરબા ગાતી જોવા મળી હતી અને ખેલૈયાઓ પણ ટ્રેડિશનલ ગુજરાતી ચણિયાચોળી અને કેડિયામાં રાસગરબા લેતા જોવા મળ્યા હતા.

ગરબાના આ કાર્યક્રમ પછી ગીતા રબારી પૅરિસની ગલીઓમાં સહેલાણીઓ વચ્ચે જોવા મળી હતી. તેણે પૅરિસના આઈફલ ટાવર સાથે તેમના ટ્રેડિશનલ લુકમાં અને અન્ય જગ્યાએ વેસ્ટર્ન કપડાંમાં હૉટ લુકવાળી તસવીરો સોશ્યલ મીડિયામાં શૅર કરી હતી. પૅરિસમાં એક ગુજરાતી ભાઈની માલિકીની 'ગાંધીજી આઇ નામની રેસ્ટોરાંમાં જમણ લીધું હતું.



# સાનિયા મિર્ઝાના એક્સ પતિ શોએબ મલિકે એક્ટ્રેસ પત્ની સના જાવેદનો બર્થ ડે મનાવ્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકે જ્યારથી અભિનેત્રી સના જાવેદ સાથે લગ્નની જાહેરાત કરી છે ત્યારથી તે ચર્ચામાં છે. જણાવી દઈએ કે શોએબના લગ્ન પહેલા સાનિયા મિર્ઝા સાથે થયા હતા, જેનાથી બંનેને એક પુત્ર ઈઝાન છે. લાંબા સમય સુધી મીડિયામાં અહેવાલો હતા કે સાનિયા અને શોએબના જીવનમાં બધુ સારુ નથી ચાલી રહ્યુ અને બાદમાં મલિકે સના સાથેના લગ્નની જાહેરાત કર્યા પછી સાનિયાના પિતાએ દીકરીના છૂટાછેડાની પુષ્ટિ કરી હતી.

જ્યારથી સના અને શોએબે લગ્ન કર્યા છે, ત્યારથી તેઓ કપલ ગોલ આપવાની કોઈ તક છોડતા નથી. શોએબ મલિકે ભારતીય ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા સાથે અલગ થયા બાદ ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પાકિસ્તાની ટીવી એક્ટ્રેસ સના જાવેદ સાથે લગ્ન કર્યા હતા. શોએબ અને સાનિયાના અલગ થવાના સમાચાર ચાહકો માટે આઘાતજનક હતા.

જો કે, હાલમાં શોએબ અને સના ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે અને તેનું કારણ છે લગ્ન બાદ સના જાવેદનો પહેલો બર્થ ડે. સના જાવેદે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જન્મદિવસની તસવીરો શેર કરી છે. ૨૫ માર્ચ ૧૯૯૩ના રોજ જન્મેલી સનાનો ૩૧મો જન્મદિવસ હતો. તેના જન્મદિવસના અવસર પર તેને ચાહકો તરફથી ઘણી શુભેચ્છાઓ મળી રહી છે. પતિ શોએબ મલિકે પણ સના જાવેદને જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી અને ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી હતી.

# હું ઘણી વાર રાત્રે રડતાં સૂઈ જતી અને વિચારતી કે મારી ફિલ્મો કેમ સારી નથી ચાલી રહી: કરીના કપુર



મુંબઈ,

કરીના કપૂર 'ક્રુ' માટે સતત ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે તબ્બુ અને કૃતિ સેનન પણ લીડ રોલમાં છે. કરીના કપૂરે પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે. પરંતુ તેની ફિલ્મી સફર સરળ ન હતી. ચિત્રાની વાર્તાની જેમ આ પણ ઉતાર-ચઢાવથી ભરેલી હતી. કરીનાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના વીતેલા દિવસોને યાદ કર્યા છે, જેમાં તેણે જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તેના વિશે ખુલીને વાત કરી છે.

કરીના કપૂરને ઈન્ડસ્ટ્રીમાં ૨૦ વર્ષથી વધુ સમય થઈ ચૂક્યો છે. આ સમયગાળા દરમિયાન તેણે ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ તેના જીવનમાં એક સમય એવો આવ્યો જ્યારે તે તૂટી ગઈ. તેણે પોતે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે તેણે ઘણી રાત રડતી વિતાવી છે.ઈન્ટરવ્યુમાં કરીનાએ એ સમયગાળો યાદ કર્યો જ્યારે તેની 'જબ વી મેટ' રિલીઝ થઈ ન હતી. 'જબ વી મેટ' પહેલા તેની ઘણી ફિલ્મો બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ હતી. તે સમયે કરીના ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી.વાતચીત દરમિયાન કરીનાએ કહ્યું કે જો તેની જગ્યાએ કોઈ બીજું હોત તો કદાચ તે આ સંજોગોમાં ટકી શકી ન હોત.

# ભારતી હેક્સાકોમ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 3 એપ્રિલ, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ,

પ્રત્યેક રૂ. ૫ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર") માટે રૂ. ૫૪૨થી રૂ. ૫૭૦ના ભાવે પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે

બિડ/ઓફર બુધવાર, ૦૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ખૂલશે અને શુક્રવાર, ૦૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૦૨ એપ્રિલ, ૨૦૨૪ રહેશે

બિડ લઘુતમ ૨૬ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૬ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે

# મુંબઈ ઈન્ડીયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર ક્રિકેટ જગતના દિગ્ગજોએ માછલાં ધોયા


મુંબઈ

આઈપીએલની બે મેચમાં નિરાશાજનક પ્રદર્શનને કારણે મુંબઈ ઈન્ડીયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર ક્રિકેટ જગતના દિગ્ગજોએ માછલાં ધોયા હતા. રોહિતને હટાવીને હાર્દિક પંડ્યાને કેપ્ટન બનાવવાનો મુંબઈ ઈન્ડીયન્સનો નિર્ણય કોઈને પણ પસંદ પડ્યો નથી ફેન્સથી માંડીને ક્રિકેટ જગતના દિગ્ગજોને પણ આ નિર્ણય અયોગ્ય લાગ્યો હતો પરંતુ હવે બે મેચમાં ધબડકા બાદ હાર્દિક પંડ્યાની કેપ્ટનન્સી પર સવાલ ઉઠવા લાગ્યાં છે. ઘણા દિગ્ગજોનું માનવું છે કે હાર્દિક પંડ્યા કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ યોગ્ય રીતે કરી શકતો નથી. લોકોએ તેના ઘણા નિર્ણયો પર સવાલ ઉઠાવ્યા છે. ઈરફાન પઠાણે ટ્વિટ કરીને લખ્યું, "ઓછામાં ઓછું કહીએ તો હાર્દિક પંડ્યાની




કેપ્ટનશીપ સામાન્ય રહી છે. જ્યારે આ ધબડકો થઈ રહ્યો હતો ત્યારે બુમરાહને લાંબા સમય સુધી દૂર રાખવો એ મારી સમજની બહાર હતું. સુરેશ રૈના અને આકાશ ચોપરાએ કોમેન્ટ્રી દરમિયાન સવાલો ઉઠાવ્યા હતા.

# લોધીકા પોલીસ મથકમાં પકડાયેલા વિદેશી દારૂના જથ્થા ઉપર રોડ રોલર ફેરવી નાશ કરાયો



રાજકોટ, રાજકોટ રેન્જ,ના પોલીસ મહાનિરીક્ષક શ્રી અશોકકુમાર યાદવ, જીલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા દારૂ તથા અન્યમ તમામ મુદ્દામાલનો નાશ કરવા માટે જુબેશ ચાલુ હોય જે અનુસંધાને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટિ રાજકોટ તથા નાયબ પોલીસ અધિક્ષક ગોંડલ, પો. ઇ. ના નશાબંધી અને અબકારી ખાતુ રાજકોટ તથા સર્કલ પો. ઇ. ગોંડલ તથા આયુષ જૈન, આઇ. પી. એસ. થાણા અધિકારી લોધીકા પો. સ્ટ્રેની ઉપસ્થિતીમાં કારી ડેમના પાળા પાસે અભેપર જવાના જુના રસ્તાા પાસે આવેલ સરકારી ખરાબાની જમીનમાં કુલ બોટલ નંગ લોધીકા પોલીસ સ્ટોશનની ૧૯૨૨૮ કિ. રૂા. ૧૯૨૯૦૭૫ તથા મેટોડા જી. આઇ. ડી. સી. પો. સ્ટે. ની કુલ બોટલ નં. ૧૨૫ કિ. રૂા. ૪૦૩૨૮ નો મળી કુલ બોટલ નં. ૧૯૩૫૩ કિ. રૂા. ૧૯૬૯૪૦૩ ના ઇંગ્લીશ દારૂનો રોડ રોલર ફેરવી કરાયો હતો.

# ચૂંટણીમાં મતદાન કવરેજ કરનારા પત્રકારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે : ચૂંટણી પંચની પહેલ

## દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, વીજ, બી.એસ.એન.એલ., રેલવે, આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, પરિવહન વિભાગના કર્મીઓનો આવશ્યક સેવા કર્મીઓમાં સમાવેશ

રાજકોટ, ભારતના ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓને સર્વસમાવેશી બનાવવાના ભાગરૂપે જાહેરનામાથી વીજળી વિભાગ, બી.એસ.એન.એલ., રેલવે, દૂરદર્શન, ઑલ ઈન્ડિયા રેડિયો, ગુજરાતના આરોગ્ય વિભાગ, ઉડ્ડયન, ગુજરાત રાજ્ય પરિવહન નિગમની લાંબા અંતરની બસ સેવાઓ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણીના દિવસે કવરેજ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલા મીડિયાકર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સેવાઓને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવા શ્રેણીમાં સમાવિષ્ટ આ મતદારો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટે પાત્ર બનશે. પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા ઈચ્છતા ગેરહાજર મતદારે તમામ જરૂરી વિગતો આપીને ફોર્મ-૧૨ ડીમાં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે.

એસેનસિઅલ સર્વિસ વોટર્સ કે જે ફરજના લીધે મતદાનના દિવસે તેના મતદાન મથકે જઈને મતદાન કરી શકે એમ નથી તે પોસ્ટલ બેલેટનું ફોર્મ નં .૧૨ ડી ભરીને પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. મતદાર પોતાના મતદાનનો ઉપયોગ કરી શકશે.

જેથી મતદારો મતદાનથી વંચિત ના રહે તથા પોસ્ટલ બેલેટથી અગાઉ જ મતદાન કરી શકે. ઈમરજન્સી અને એસેનસિઅલ સર્વિસ વોટર્સને પોસ્ટલ બેલટથી મતદાન કરાવવા સમય મર્યાદામાં ફોર્મ નં .૧૨ ડી ભરાવવામાં આવે છે.

# રાજકોટમાં વિરાણી સાયન્સ કોલેજ તથા ધોરાજીમાં અચૂક મતદાન અંગે લેવાયા શપથ



રાજકોટ, હાલ લોકસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ચૂકી છે, ત્યારે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે.

જે અંતર્ગત રાજકોટ શહેરમાં મણીભાઈ વિરાણી તથા શ્રીમતિ નવલબેન વિરાણી સાયન્સ કોલેજ ખાતે મતદાન જાગૃતિ અંગે શપથ લેવામાં આવ્યા હતા. જેમાં ફર્સ્ટ ટાઈમ વોટર્સ એવા કોલેજીયનો, ઉપરાંત અધ્યાપકો તથા અન્ય સ્ટાફ પણ જોડાયો હતો. આ સાથે "ચૂંટણીનું પર્વ, દેશનું ગર્વ" હોવાના સંદેશ સાથે લોકોને લોકશાહની આ પ્રક્રિયામાં સહભાગી થવા અપીલ પણ કરવામાં આવી હતી. ઉપરાંત ધોરાજીમાં તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ફર્સ્ટ ટાઈમ વોટર્સ તથા કોલેજીયન યુવાનોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. બાદમાં સૌ અચૂક મતદાન કરવા તથા અન્યોને પણ મતદાન માટે પ્રેરિત કરવા સંકલ્પબદ્ધ થયા હતા.

# મંગળવારે રાજકોટમાં પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પાંચ ભૂદેવ પ્રતિભાઓને પરશુરામ એવોર્ડ

## પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને એવોર્ડથી નવાજાશે : સંતો-મહંતો, મહાનુભાવો ઉપસ્થિત રહેશે

રાજકોટ, પરશુરામ યુવા સંસ્થાશન રાજકોટનાં ઉપક્રમે આગામી તા.૦૨/૦૪/૨૦૨૪નો મંગળવારે કાલાવડ રોડ ઉપર આવેલ બોચાસણવાસી અક્ષરપુરષોતમ સંસ્થો સ્વાથમીનારાયણ મંદિર ખાતે સંસ્થાનાં આદ્યસ્થાવપક શ્રી અભયભાઈ ભારર્જિના જન્મ દિવસે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪ યોજાય રહયો છે. બ્રહ્મસમાજની અડીખમ સેવાનો ભેખ ધારી, સમાજ માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરનાર, શ્રેષ્ઠ કાનુનવિદ, કર્મઠ નેતા, હાક કરો ત્યાં હાજર એવા બ્રહ્મતેજનો તણખો સમાન, બ્રહ્મસમાજનો મોભી અને રાજયસભાના સાંસદ શ્રી અભયભાઈ ભારર્જે વર્ષ-૧૯૮૯ માં પરશુરામ યુવા સંસ્થાોનની બુનીયાદ નાંખી ભારતવર્ષમાં સૌપ્રથમ પરશુરામ જન્મોલ્ત્સરવની ભવ્યા શોભાયાત્રા શ્રી અભયભાઈૅારા ઉના ખાતેથી પ્રારંભ કરવામાં આવી. બ્રહ્મપતિભાઓ કે જેમનું સમાજમાં વિશીષ્ઠ અને મુઠી ઉંચેરૂ યોગદાન હોય, એવા વ્યિક્ત વિશેષ એવા બ્રહ્મ-કર્મયોગીઓને સન્માન વડે વિભુષિત કરવાની પરંપરા શ્રી અભયભાઈનો વિચારથી શરૂ કરવામાં આવી હતી. શ્રી અભયભાઈના કૈલાશ પ્રયાણ બાદ આ પરંપરાને કાર્યરત રાખવા છેલ્લા ત્રણ વર્ષથી પરશુરામ યુવા સંસ્થામન રાજકોટ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનું આયોજીત કરે છે પ્રતિવર્ષથી અભયભાઈના જન્મોદિવસ નિમિત્તે પાંચ બ્રહ્મ-કર્મયોગીઓને 'પરશુરામ એવોર્ડ' એનાયત કરવામાં આવે છે.

આ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ કાર્યક્રમનાં અધ્યેક્ષ પદે કેન્દ્રિ ય કેબિનેટ મંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિમત રહેશે. સમારોહનું ઉદઘાટન અભયભાઈના સાથી અને પરમમિત્ર શ્રી વિજયભાઈ રૂપાણી પૂર્વ મુખ્યામંત્રીશ્રી, ગુજરાત રાજયના શુભ હસ્તેન કરવામાં આવશે.

સમારોહનુ દીપ પ્રાગટય પૂ. બ્રહ્મતીર્થ સ્વોમી, કોઠારી સ્વાનમીશ્રી, બીએપીએસ સ્વા મિનારાયણ મંદિર, રાજકોટના હસ્તેયથી કરવામાં આવશે. ત્યા,રબાદ પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનો પ્રારંભ થશે. ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, અતિથી વિશેષ તરીકે ઉપસ્થિોત રહેશે. ત્યારબાદ પૂ. અપૂર્વમુની સ્વાબમી અને પ્રસિદ્ધ ભાગવતાચાર્ય, પૂ. ચૈતન્યશંભુ મહારાજ પોતાના આશીર્વચન પાઠવશે. આ સમારોહ દરમ્યારન જે સંતોનુ પાવન સાનિધ્યદ પ્રાપ્તર થવાનું છે તેમાં પૂજય જેન્તિારામ બાપા(સંત પુરણ ધામ ધુનડા), પૂજય ઘનશ્યા્મજી મહારાજ (ભુવનેશ્વ?રી પીઠ ગોંડલ) અને પૂજય રમેશભાઈ શુકલ(કાલભૈરવ મંદિર, પાલીતાણા)ની પાવન ઉપસ્થિઉતીમાં સંપૂર્ણ સમારોહ યોજાશે.


પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહમાં શ્રી રામભાઈ મોકરીયા( સાંસદ રાજયસભા), શ્રી ઉદયભાઈ કાનગડ(ધારાસભ્ય ), શ્રી રમેશભાઈ ટીલાળા(ધારાસભ્ય)) અને શ્રીમતી દર્શિતાબેન શાહ(ધારાસભ્ય ) ઉપસ્થિમત રહેશે. સમારોહમાં વિશેષ આમંત્રિત તરીકે શ્રી છેલભાઈ જોષી(બ્રહ્મ અગ્રણીશ્રી સૌરાષ્ટ્ર -કચ્છથ), શ્રી નિતિનભાઈ ભારર્જિ(પ્રદેશ ભાજપ અને બ્રહ્મ અગ્રણીશ્રી) અને શ્રી પંકજભાઈ ભટ્ટ(મ્યુછઝિક ડાયરેકટર) ઉપસ્થિહત રહેશે.

કાર્યક્રમના પ્રારંભમાં હાસ્યિ કલાકાર કપીલભાઈ જોષી હાસ્યભ રસ પીરસશે. ત્યારબાદ સુપ્રસિધ્ધભ લોકગાયકો તુષારભાઈ ત્રિવેદી, ઉર્વશીબેન પંડયા તથા ચૈતાલીબેન છાયાં પોતાના બ્રહ્મગૌરવ ઉજાગર કરતા ગીતોની પ્રસ્તુીતી કરશે.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ-૨૦૨૪ સંસ્થાતનના સ્થાતપક શ્રી અભયભાઈના પુત્ર અંશ અભયભાઈ ભારદ્વાજ તેમજ તેમની ઓફિસ ટીમ અને શ્રી નિરંજનભાઈ દવે, પરશુરામ યુવા સંસ્થા નની ટીમ સમારોહને સફળ બનાવવા કમરકસી છે. પરશુરામ યુવા સંસ્થાને બ્રાહ્મણજ્ઞાતીના પરિવારોને બહોળી સંખ્યાસમાં આમંત્રણ આપેલ છે. કાર્યક્રમના સમાપન બાદ બ્રહ્મભોજનનુ આયોજન કરવામાં આવ્યુી છે.

# રાજકોટના અમીન માર્ગ પર પુરૂષોત્તમભાઈ રૂપાલાના નિવાસ સ્થાને સુરક્ષા વધારાઈ

## હવે રૂપાળાની જે સ્થળે સભા, રેલી થાય ત્યાં ખાસ બંદોબસ્ત જાળવવા સુચના






રાજકોટ, લોકસભાની રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા પુરૂષોત્તમભાઇ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઇને કરેલા નિવેદનને કારણે ઠેકઠેકાણે વિરોધ વંટોળ ઉભો થયો છે. આક્રોશની આગ સતત વધી રહી છે. આ વચ્ચે રાજકોટના અમીન માર્ગ પર હરિ સોસાયટી ખાતેના પુરૂષોત્તમભાઇ રૂપાલાના હંગામી નિવાસ સ્થાન ખાતે સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યોત છે. સુરક્ષા ગાર્ડ, એસઆરપી ગાર્ડ, ત્રણ વધારાના સુરક્ષા ગાર્ડ સતત રૂપાલાની સાથે રહેતાં હોવાનું જાણવા મળે છે.

ઉમેદવાર રૂપાલા સભા, રેલી કે પ્રચાર માટે જાય ત્યાં જે તે પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જને બંદોબસ્ત જાળવવાની સુચના અપાઇ છે. ભક્તિનગર સર્કલ વિસ્તારમાં એક સભામાં રૂપાલા પહોંચ્યાન ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ મયુરધ્વેજસિંહ સરવૈયા સહિતની ટીમ પણ પહોંચી હતી અને બંદોબસ્ત્ જાળવ્યોય હતો. આઇબીના ઇનપુટના આધારે આ સુરક્ષા વ્ય વસ્થાસ વધારવામાં આવી હોવાનું જણાવાયુ છે. વિવાદનો નિવેડો ન આવે ત્યાંબ સુધી આ સુરક્ષા પુરી પાડવામાં આવશે તેવું જાણવા મળે છે.

# રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ત્રિ-દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




રાજકોટ: રાજકોટની જાણીતી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ માં વિદ્યાર્થીઓ અને વાલીઓના સંબંધોના તાણાવાણા ગુંથવા માટે વાર્ષિક કાર્યક્રમના આયોજન કરવામાં આવે છે. કલા અને કૌશલ્યના માધ્યમથી માતા-પિતા અને તેમના ભુલકાઓને એક મંચ ઉપર પ્રસ્તુત કરવાના હેતુ સાથે તાજેતરમાં ધોરણ ૦૧ થી ૦૩ના ભુલકાઓ માટે ત્રિ-દિવસીય પેરેન્ટ ચાઈલ્ડ ટેલેન્ટ બોનાન્ઝા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ થી વધુ વાલીઓએ તેમના બાળકો સાથે મંચ પ્રસ્તુતી કરી હતી.

આ ત્રણ દિવસ ચાલનાર કાર્યક્રમમાં ભુલકાઓએ ડાન્સ, સિંગિંગ, રોલ પ્લે, પ્રઝન્ટેશનના માધ્યમથી પોતાનું કૌશલ્ય રજુ કર્યું હતું. જેમાં બાળકોએ પાત્ર અનુસાર વેશભુષા ધારણ કરીને મંચ ઉપર શિક્ષકો, નિર્ણાયકો અને સહપાઠી સમક્ષ આત્મવિશ્વાસ સાથે રજુઆત કરી નિર્ણાયકોની વાહવાહી મેળવી હતી. નિર્ણાયકોએ પણ શ્રેષ્ઠ અભિનય અને રજુઆતને ધ્યાનમાં રાખી વિજેતા ઘોષિત કર્યા હતા. જેમાં ૨૮ વિજેતાઓને શિલ્ડ અને ૫૧ સહભાગીઓને પ્રોત્સાહક ભેંટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા

પેરેન્ટ ચાઈલ્ડ ટેલેન્ટ બોનાન્ઝાના સફળ આયોજન માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંતો અને શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના શિક્ષકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ આયોજીત નાઈટ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## રેલ્વેના અધિકારીઓની ઉપસ્થિતિમાં વિવિધ સ્ટેશનો, વિભાગો,શાખાઓની કુલ ૨૨ ટીમો વચ્ચે મેચ રમાશે



રાજકોટ, હિરેન મહેતા વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘના ડિવિઝનલ સેક્રેટરી યાદી મુજબ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી નાઈટ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રેલવે કર્મચારીઓ માટે કરવામાં આવે છે. એ સાતત્ય ની કડી રુપે વર્ષ ૨૦૨૪ માં સ્વર્ગસ્થ દાદા માહૂરકરજીની જન્મ જયંતી નિમિત્તે આ ટૂર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે એડીઆરએમ કૌશલ કુમાર ચૌબેજી, સીપીએમ સુધીર દુબેજી, ભાજપા સિનિયર લીડર શ્રી કશ્યપ ભાઈ શુક્લાએજી, સિનિયર ડી એફ એમ કિરનેન્દુ આર્યજી, સિનિયર ડી એમ ઈ અભિષેક કુમાર સિંઘજી, સિનિયર ડીપીઓ મનિષ મેહતા જી, બ્રહ્મસમાજના પ્રમુખ દર્શિત ભાઈ જાની, મહિલા પ્રમુખ શ્રીમતી પૂર્વીબેન જાની, હીનાબેન શુક્લા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

એડીઆરએમ કૌશલકુમાર ચૌબેજી એ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું. આ સાથે ગ્રાઉન્ડ પર જઈને આમંત્રિત મહેમાનો એ બેટીંગ અને બોલીંગ કરી ટૂર્નામેન્ટવની શરુઆત કરાવી હતી. પ્રથમ દિવસે કોમર્સ વિભાગ અને મેડીકલ વિભાગ તથા સુરેન્દ્રનગર શાખા અને જામનગર શાખાના મેચ આયોજિત કરવામાં આવ્યાી હતા.

# રાજકોટ શહેરમાં અનેક સ્થળે હોળીની રાખના ઢગલા દૂર કરવા શહેર કોંગ્રેસના પ્રમુખની માંગ



રાજકોટ, રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી ની યાદી જણાવે છે કે રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧ થી ૧૮ ના વોર્ડમાં જુદા જુદા વિસ્તારોમાં અંદાજે ૬૦૦ થી વધુ હોલિકા દહન થાય છે ત્યારે તારીખ ૨૪/૦૩ શનિવારે હોળી પ્રગટાવવામાં આવ્યા બાદ બે દિવસમાં રાજકોટ શહેરમાં આ હોળીના ઢગલાઓ ઉપાડી લેવામાં આવતા હોય છે પરંતુ કેટલાક વર્ષોથી તંત્ર દ્વારા ફરિયાદ કરવામાં આવે ત્યારે જ ઢગલાઓ ઉપાડવામાં આવતા હોય છે. અને આ રાખના ઢગલાઓ ચોકની વચ્ચો વચ હોવાને પગલે લોકોને હાલાકી ભોગવવી પડે છે. પવનને પગલે રાખ ઉડતી રહે છે અને રાત્રે અકસ્માત સર્જાવાનો ભય રહે છે. શહેરના પદાધિકારીઓ ચૂંટણીમાં વ્યસ્ત છે અને અધિકારીઓ ભર ઊંઘમાં કે અંધારામાં હોવાને પગલે અનેક વિસ્તારોમાં આજે પણ ચોકમાં હોળીના ઢગલાઓ યથાવત રહેતા આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણીએ રાજકોટ મહાનગરપાલિકામાં ફરિયાદ નંબર ૨૪૦૯૦૬૯૫ થી શહેરમાંના તમામ ઢગલાઓ તાત્કાલિક અસરથી ઉપાડી લેવા તાકીદ કરવામાં આવી છે. અને ૨૪ કલાક માં શહેરમાં હોળીના રાખના એક પણ ઢગલો ન હોવો જોઈએ અને હશે તો વોર્ડ ઓફિસે રાખના ઢગલાઓ કરવામાં આવશે.વધુમાં અનેક વિસ્તારોમાં રાખના ઢગલાઓ યથાવત હોવાને પગલે આ ઢગલાઓ ઉપાડવામાં ન આવે તો રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ગજેન્દ્રસિંહ ઝાલા મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર ફોટા સાથે વિગતો મોકલી આપવા અંતમાં રાજાણીએ અપીલ કરી છે.

# રાજકોટ કલેકટર કચેરીના કન્ટ્રોલરૂમમાં ૧૩ દિવસમાં આચારસંહિતા ભંગની ૪૨ ફરિયાદો

રાજકોટ, લોકસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટી તંત્ર કાર્યક્રમ જાહેર થતા જ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આચાર સંહિતાનો ચૂસ્તપણે અમલ થાય તે માટે કવાયત શરૂ કરી દેવામાં આવેલ છે.

આ માટે જિલ્લા કલેકટર કચેરીમાં ધમધમતા કરાયેલા કન્ટ્રોલરૂમમાં છેલ્લા ૧૩ દિવસમાં આચાર સંહિતા ભંગની ૪૨ જેટલી ફરિયાદો નોંધાયેલ છે જેમાં ત્રણને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

જેમાં સી.વીજીલ એપમાં અત્યાર સુધીમાં ૩૦ ફરિયાદો નોંધાયેલ છે. તેમજ ફોન ઉપર રાજકીય પક્ષોના પ્રતિનિધિએ આચાર સંહિતા ભંગની નવ ફરિયાદ નોંધાવી છે. જયારે ત્રણ નાગરિકોએ આવી ફરિયાદ નોંધાવી છે. કન્ટ્રોલરૂમના જણાવ્યા મુજબ ગોંડલમાં ૭ જસદણ-જેતપુરમાં ૧-૧, રાજકોટ પુર્વ દક્ષિણમાં ૩-૩ અને રાજકોટ પશ્ચિમમાં ૧૦ આચાર સંહિતા ભંગની ૧૦ ફરિયાદો નોંધાવી છે. જેમાં ત્રણ ફરિયાદોને ડોપ કરી તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

# રાજકોટ ૫. વિધાનસભા મતવિસ્તારના ૩૫૦ પ્રિસાઈડિંગ ઓફિસરોની ચૂંટણીલક્ષી તાલીમ યોજાઈ

રાજકોટ, લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને આગામી ૭ મેના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ ચૂંટણી સાથે સંકળાયેલ સ્ટાફને તાલીમ આપવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વિરાણી સ્કુલ ખાતે ૬૯ રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં લગભગ ૩૫૦ જેટલા પ્રીસાઈડિંગ ઓફિસરોને ઈવીએમ અને વીવીપેટ તેમજ તેમની ચૂંટણી ફરજ સંદર્ભે તાલીમ આપવામાં આવી હતી.

તાલીમમાં પ્રિસાઈડીંગ ઓફિસરોને મતદાનના દિવસે બજવવાની થતી ફરજ અને આ કામગીરી માટે રાખવાની તકેદારી અંગે રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારનાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી નિશા ચૌધરી દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, મતદાનના આગલા દિવસે કરવાની થતી પૂર્વતૈયારી અને પ્રક્રિયાઓ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને ઈ.વી.એમ. મશીનના નિદર્શન સાથે પ્રેક્ટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ પણ તાલીમ સ્થળની મુલાકાત લીધી હતી, તેમ મામલતદારશ્રી એમ.ડી. શુકલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ભારતને રૂ.૩૫ ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનવા માટે ૯-૧૦ ટકા વૃદ્ધિ દરની જરૂર : અમિતાભ કાંત

નવીદિલ્હી,

ભારતના G-20 શેરપા અમિતાભ કાંતે કહ્યું કે ભારતને $35 ટ્રિલિયનની અર્થવ્યવસ્થા બનવા માટે ૯-૧૦ ટકા વૃદ્ધિ દરની જરૂર પડશે અને આ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. India G20 શેરપા અમિતાભ કાંતઃ ભારતના G-20 શેરપા અમિતાભ કાંતે ગુરુવારે જણાવ્યું હતું કે ભારતે ૨૦૪૭ સુધીમાં $35 ટ્રિલિયન અર્થતંત્ર બનવા માટે આગામી ત્રણ દાયકામાં ૯-૧૦ ટકાનો વિકાસ દર હાંસલ કરવાની જરૂર છે. અમિતાભ કાંતે કહ્યું કે ભારત ૨૦૨૭ સુધીમાં જાપાન અને જર્મનીને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. અમિતાભ કાંતે કહ્યું, "અમારી મહત્વાકાંક્ષા એવી હોવી જોઈએ કે ૨૦૪૭ સુધીમાં આપણે માત્ર ૩૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા જ ન બનીએ, પરંતુ અમે માથાદીઠ આવકને વર્તમાન $3,000 થી વધારીને $18,000 કરવા માટે પણ સક્ષમ છીએ." હાલમાં ભારતીય અર્થતંત્ર ૩,૬૦૦ અબજ



ડોલરનું છે. કાંતે કહ્યું કે ભારતને વિકાસના ચેમ્પિયન બનવા માટે ઓછામાં ઓછા ૧૨ રાજ્યોની જરૂર છે અને તેઓએ ૧૦ ટકાથી વધુના દરે વૃદ્ધિ કરવી પડશે. અમિતાભ કાંતે ખાનગી ન્યૂઝ ચેનલની કોન્ફરન્સમાં કહ્યું, "ભારતનો વિકાસ ઊંચા દરે થવો જોઈએ. ભારતે ત્રણ દાયકા સુધી દર વર્ષે ૯-૧૦ ટકાના દરે વૃદ્ધિ કરવી જોઈએ." ભારતનું અર્થતંત્ર ઑક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૩માં ૮.૪ ટકાના અપેક્ષા કરતાં વધુ સારા દરે વૃદ્ધિ પામ્યું હતું, જે છેલ્લા દોઢ વર્ષમાં સૌથી વધુ છે. આનાથી ચાલુ નાણાકીય વર્ષ માટે વિકાસ દરના અંદાજને ૭.૬ ટકા સુધી લઈ જવામાં મદદ મળી છે. તેમણે કહ્યું કે ઝારખંડ, છત્તીસગઢ અને બિહાર જેવા રાજ્યોનો વિકાસ દર ઊંચો હોવો જોઈએ. "જો આ રાજ્યો ૧૦ ટકાથી વધુ વૃદ્ધિ પામે છે, તો ભારત ૧૦ ટકાથી વધુ વૃદ્ધિ પામશે." અમિતાભ કાંતે કહ્યું કે, લોકસભાની ચૂંટણી પછી ભારતે શિક્ષણ, આરોગ્ય અને પોષણમાં મોટા સુધારાઓ શરૂ કરવા જોઈએ. ભારતના આઠ મોટા ઉદ્યોગોએ ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં ૬.૭ ટકાની વૃદ્ધિ નોંધાવી છે.

# અયોધ્યા રામમંદિરમાં નવમીથી રામ જન્મોત્સવનો થશે પ્રારંભ

અયોધ્યા,

અયોધ્યાના રામમંદિરમાં ૧૭મીએ રામજન્મની ઉજવણીનો આરંભ ૯મી એપ્રિલથી શરૂ થઈ જશે અને ૯ દિવસ રામ જન્મોત્સવની ઉજવણી થશે. રામનવમીના આ ૯ દિવસના જન્મોત્સવ દરમિયાન ૫૦ લાખ જેટલા શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચી શકે છે. જયારે રામનવમીએ મંદિર ૨૪ કલાક ખુલ્લું રહી શકે છે. રામમંદિરના નિર્માણ બાદ આ પહેલી રામનવમી છે. આ અવસરે સાતમથી જ ત્રણ દિવસમાં દરરોજ સરેરાશ ૧૫ લાખ દર્શનાર્થીઓ ઉમટી શકે છે.

આ ઉજવણીને લઈને રાજયના મુખ્ય સચિવ દુર્ગાશંકર મિશ્ર અને ડીજીપી પ્રશાંતકુમાર અયોધ્યા પહોંચ્યા હતા અને ૯ દિવસ સુધી ચાલનાર રામ



જન્મોત્સવની તૈયારી અને રામમંદિરમાં દર્શનની વ્યવસ્થાને લઈને સમીક્ષા કરી હતી. મંદિરના ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે રામનવમીએ રામમંદિરે પહોંચનારા શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓ વધારવામાં આવી રહી છે. જે રસ્તાથી તેમને દર્શન માટે પહોંચાડવાના છે તે રસ્તો કવર કરવામાં આવી રહ્યો છે તેના માટે જર્મન હેંગરનો પંડાલ બનાવવામાં આવ્યો છે.

# યુસુફ પઠાણના પ્રચારમાં સચિનની તસવીરથી વિવાદ!

## ચૂંટણી પંચે કહ્યું આવી તસવીરનો ઉપયોગ ના કરી શકાય

નવીદિલ્હી,

લોકસભાની ચૂંટણીને લઈને અત્યારે અનેક પ્રકારના સમાચારો સામે આવી રહ્યાં છે. રાજકીય પાર્ટીઓ પોતાનો જોરદાર પ્રચાર પણ કરી રહીં છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો યુસુફ પઠાનઅત્યારે જનતાને રીઝવવાના તમામ પ્રયાસો કરી રહ્યાં છે. પશ્ચિમ બંગાળના બહેરામપુરથી તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર, યુસુફ પઠાણ, ક્રિકેટ વર્લ્ડ કપની જીતની ક્ષણ અને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર સાથેની તેમની તસવીરો સાથે પ્રચાર કરતા જોવા મળ્યા હતા. યુસુફ પઠાણને કારણે પશ્ચિમ બંગાળમાં રાજકારણ ગરમાયું છે.

ઉલ્લેખનીય છે કે, યુસુફ પઠાણના આ ચૂંટણી પ્રચાર અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરવામાં આવી હતી. જે બાદ પંચે ક્રિકેટ વર્લ્ડ કપ જીતવાની મોમેન્ટના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૨૦૧૧ વર્લ્ડ કપ જીતવાની પળની તસવીરોનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરી શકાશે નહી.

# આવતી કાલે દિલ્હીમાં 'ભારત' ગઠબંધનની રેલી

## ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે પણ હાજરી આપશે

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને વિપક્ષી નેતાઓ સામે તપાસ એજન્સીઓના "દુરુપયોગ"ના વિરોધમાં વિરોધ પક્ષોનું 'ભારત' ગઠબંધન ૩૧ માર્ચે દિલ્હીમાં એક મેગા રેલીનું આયોજન કરશે. આમ આદમી પાર્ટી (આપ) મહારેલીની તૈયારીમાં વ્યસ્ત છે. પાર્ટીના નેતાઓ અને કાર્યકરો જનતાનું સમર્થન મેળવવા માટે ઘરે-ઘરે જઈ રહ્યા છે. શિવસેના (યુબીટી)ના નેતાઓ ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય



ઠાકરે પણ આ મેગા રેલીમાં ભાગ લેશે.

કોંગ્રેસ પણ મહારેલીની તૈયારીઓ કરી રહી છે. મહારાલીની સફળતા માટે બે દિવસ પહેલા કોંગ્રેસના નેતાઓની બેઠક યોજાઈ હતી. પાર્ટીના સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે રેલીની તૈયારીઓને લઈને બેઠક યોજી હતી. જેમાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરવિંદર સિંહ લવલી, હરિયાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઉદય ભાન અને દિલ્હી અને હરિયાણાના પાર્ટી પ્રભારી દીપક બાબરિયા અને કેટલાક અન્ય નેતાઓએ તેમાં ભાગ લીધો હતો. કોંગ્રેસનું કહેવું છે કે આ 'મહાર રેલી' કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની ED દ્વારા ધરપકડ અને પાર્ટીના બેંક ખાતાઓ 'ફ્રીઝ' કરવાના વિરોધમાં કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ રેલી માટે તૃણમૂલ કોંગ્રેસ પોતાના પ્રતિનિધિઓને મોકલશે. તૃણમૂલના સૂત્રોએ કહ્યું છે કે પાર્ટી બે નેતાઓને રેલીમાં પ્રતિનિધિ તરીકે મોકલશે, પરંતુ નેતાઓના નામ જાહેર કર્યા નથી. પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ સાથે બેઠક વહેંચણીની વાટાઘાટોની નિષ્ફળતા પછી, તુનમૂલે વિપક્ષી ગઠબંધનથી અંતર જાળવી રાખ્યું છે.

# કેજરીવાલની ધરપકડના વિરોધમાં આપનું નવું અભિયાન શરૂ

## મુખ્યમંત્રીની પત્નીએ કમાન સંભાળી

નવીદિલ્હી,

દિલ્હી લીકર પોલિસી કૌભાંડ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદથી આમ આદમી પાર્ટી એક્શન મોડમાં આવી ગઈ છે. કેજરીવાલ વતી હવે તેમની પત્ની સુનીતા કેજરીવાલ મોરચો સંભાળતા દેખાઈ રહ્યા છે. ફરી એકવાર તેમણે નવો વીડિયો શેર કરી આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવી રહેલા નવા અભિયાન વિશે માહિતી આપી હતી.

સુનીતા કેજરીવાલે સૌને મુખ્યમંત્રી કેજરીવાલ દ્વારા કોર્ટમાં આપવામાં આવેલા નિવેદનને સાંભળવાની અપીલ કરી હતી અને તેની સાથે તેમણે આમ આદમી પાર્ટી દ્વારા શરૂ કરાયેલા નવા અભિયાન કેજરીવાલને આશીર્વાદની માહિતી આપી હતી. લોકોને તેની સાથે જોડાવા અપીલ કરતાં તેમણે એક નવું વોટ્સએપ નંબર જાહેર કર્યું હતું. જેના પર લોકોને મેસેજ મોકલવા અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે ગઈકાલે અરવિંદ કેજરીવાલને રાઉઝ એવન્યૂ કોર્ટે ફરી એકવાર ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા હતા. કેજરીવાલના રિમાંડમાં ચાર દિવસનો વધારો કરતાં તેમને ૧ એપ્રિલ સુધી કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

# કોરોનામાં નોકરી જતા બની ચોર : ૨૪ લેપટોપની ચોરી કરનાર નોઈડાની યુવતીની થઈ ધરપકડ

બેંગલુરૂ,

બેંગલુરુમાં ઓછામાં ઓછા ૨૪ લેપટોપની ચોરી કરવા બદલ એક એન્જિનિયરની ધરપકડ કરવામાં આવી છે. ૨૬ વર્ષના એક એન્જિનિયરે પીજીમાંથી લગભગ ૧૦ લાખ રૂપિયાનું લેપટોપ ચોરી લીધું હતું. આરોપીનું નામ જસ્સી અગ્રવાલ જણાવવામાં આવ્યું છે. તે નોઈડાની રહેવાસી છે પરંતુ નોકરી માટે બેંગલુરુ આવી હતી. તેણે કોરોના દરમિયાન નોકરી ગુમાવી દીધી હતી. મળતી માહિતી મુજબ, નોઈડાની યુવતીએ નોકરી છોડ્યા પછી જ ચોરી કરવાનું શરૂ કર્યું.



પોલીસે જણાવ્યું કે આરોપી મહિલા પીજી પાસેથી મોંઘા ગેજેટ્સ ઉછીના લેતી અને પછી નોઈડા જઈને બ્લેક માર્કેટમાં વેચતી. મળતી માહિતી મુજબ, જ્યારે કોઈ ન હોય ત્યારે જસ્સી કોઈના રૂમમાં જતી હતી. આ સમયે તે કોઈનું પણ લેપટોપ ઉપાડી લેતી. જ્યારે આવી જ ઘટનાઓ વારંવાર બનવા લાગી અને લેપટોપ ગુમ થવા લાગ્યા ત્યારે પીજી વતી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે તપાસ કરતાં જસ્સી જ ચોરીનું કામ કરતી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે જસ્સી પાસેથી ૨૪ લેપટોપ જપ્ત કર્યા છે. પોલીસે જણાવ્યું કે, જસ્સી ઘણી જગ્યાએ જઈને આવા કામો કરતો હતો. પોલીસે ઘણા સીસીટીવી ફૂટેજ પણ લીધા છે જેમાં તે જોઈ શકાય છે કે તે પીજીમાં પ્રવેશે છે અને પછી તેની સાથે ગેજેટ લઈને બહાર આવે છે.

# ગોવિંદાને ક્યારેય મિત્ર ન કહી શકાય રામ નાઈકનું દર્દ ૧૪ વર્ષ પછી જાહેર

મુંબઈ,

ફિલ્મ અભિનેતા ગોવિંદા શિવસેના શિંદે જૂથમાં જોડાયા બાદ મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. ગોવિંદા મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં શિવસેનામાં જોડાયા હતા. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ગોવિંદા મુંબઈની નોર્થ-વેસ્ટ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. આમ, ગોવિંદાએ લગભગ ૧૪ વર્ષ બાદ ફરી એકવાર પોતાની રાજકીય ઈનિંગ શરૂ કરી છે. ૧૪ વર્ષ પહેલા ગોવિંદાએ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી હતી અને ભાજપના વરિષ્ઠ નેતા રામ નાઈકને હરાવ્યા હતા. મહારાષ્ટ્રના રાજકારણમાં આ એક મોટી ઘટના હતી.

હવે ગોવિંદાનું વલણ બદલાઈ ગયું છે. ગોવિંદા શિવસેનાના શિંદે જૂથ સાથે છે, જે રાજ્ય સરકારમાં ભાજપ સાથે ગઠબંધન ધરાવે છે. રામ નાઈકે ગોવિંદા વિશે પ્રતિક્રિયા આપી છે. રામ નાઈકે કહ્યું કે હું ગોવિંદાથી પરિચિત છું. પરંતુ હું તેને ક્યારેય મારો મિત્ર કહી શકીશ નહીં. તેમણે મારી સામે ચૂંટણી લડી હતી અને મને હરાવ્યો હતો. હવે જો તેમની ઉમેદવારી જાહેર થશે તો હું તેમના વિશે વાત કરવાનું પસંદ નહિ કરું.

# જ્યારે સરકાર બદલાશે, ત્યારે 'લોકતંત્રને તોડી નાખનારા' લોકો સામે ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે : રાહુલ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા કોંગ્રેસ પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. ખાતું ફ્રીઝ કર્યા બાદ આવકવેરા વિભાગે શુક્રવારે કોંગ્રેસને ૧૮૨૩ કરોડ રૂપિયાની નવી ડિમાન્ડ નોટિસ જારી કરી હતી. આ ડિમાન્ડ નોટિસ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧ માટે છે. જેમાં વ્યાજની સાથે દંડનો પણ સમાવેશ થાય છે. નવી નોટિસને લોકસભાની ચૂંટણી પહેલા રોકડની તંગીનો સામનો કરી રહેલી કોંગ્રેસ માટે એક ઝટકો માનવામાં આવી રહી છે. એક દિવસ પહેલા એટલે



કે ૨૮ માર્ચે દિલ્હી હાઈકોર્ટે ટેક્સ એસેસમેન્ટને લઈને કોંગ્રેસ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. હવે આ સમગ્ર મામલે રાહુલ ગાંધીએ કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ સરકાર બદલવાના કિસ્સામાં યોગ્ય કાર્યવાહીની ખાતરી પણ આપી છે.

કોંગ્રેસ પાર્ટીને મોકલવામાં આવેલી આવકવેરા વિભાગની તાજી નોટિસ પર રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની પ્રતિક્રિયા આપી. રાહુલ ગાંધીએ લખ્યું, "જ્યારે સરકાર બદલાશે, ત્યારે 'લોકતંત્રને તોડી નાખનારા' લોકો સામે ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે. અને એવી કાર્યવાહી કરવામાં આવશે કે ફરી આ બધું કરવાની કોઈની હિંમત ના થાય. આ મારી ગેરંટી છે."

# બિગ બોસ ઓટીટી ૨ વિજેતા એલ્વિશની મુશ્કેલી વધી : એફઆઈઆર નોંધવા આદેશ

મુંબઈ,

બિગ બોસ ઓટીટી ૨ વિજેતા અને યુટ્યુબર એલ્વિશ યાદવની મુશ્કેલીઓનો અંત આવવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ગુરુગ્રામ કોર્ટે ૩૨ બોર ગીતના શૂટિંગ દરમિયાન તેના ગળામાં સાપ મુકવા બદલ એલ્વિશ વિરુદ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો છે.

રેવ પાર્ટીમાં સાપનું ઝેર માંગવા બદલ તે જેલ ગયો છે. તાજેતરમાં જ તેને કોર્ટમાંથી જામીન મળ્યા હતા. આ દરમિયાન, તે તેના વીડિયોમાં સાપનો ઉપયોગ કરવાને કારણે ફરી મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. ખરેખર, એલ્વિશ યાદવના ૩૨ બોર ગીતના શૂટિંગમાં સાપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે ૨૮ માર્ચે ગુરુગ્રામ કોર્ટે એલ્વિશ વિરુદ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો છે. આ મામલામાં એલ્વિશ યાદવ ઉપરાંત હરિયાણવી ગાયક રાહુલ યાદવ ફાઝિલપુરિયા સામે પણ એફઆઈઆર નોંધવાના આદેશ આપવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, ૩૨ બોર ગીતના શૂટિંગમાં દુર્લભ સાપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એલ્વિશ યાદવને રેવ પાર્ટીમાં સાપનું ઝેર માંગવાના કેસમાં રાહત મળી હતી.

# એક વર્ષમાં લોટ, ચોખા અને દાળના ભાવમાં મોટો વધારો

નવીદિલ્હી,

છેલ્લા એક વર્ષમાં લોટ, ચોખા અને દાળના ભાવ કયાં થી ક્યાં પહોંચી ગયા છે અનાજમાં તુવેર દાળના ભાવમાં સૌથી વધુ વધારો થયો છે. આ પછી ચોખા આવે છે. આશ્ચર્ય વાત એ છે કે સરસવ, સોયાબીન, સૂર્યમુખી અને પામ ઓઈલથી લોકોને રાહત મળી છે, ત્યારે બટેટા, ડુંગળી અને ટામેટાના ભાવમાં ઘણો વધારો થયો છે.

ઉપભોક્તા મંત્રાલયની વેબસાઈટ અનુસાર, છેલ્લા એક વર્ષમાં તુવેર દાળની સરેરાશ છૂટક કિંમત ૧૧૪.૪૯ રૂપિયાથી વધીને ૧૪૮.૫૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે. આ સિવાય અડદની દાળ ૧૪.૩૪ ટકા અને મગની દાળ ૧૦.૫૨ ટકા મોંઘી થઈ છે. જોકે,



માત્ર મસૂર દાળ સસ્તી થઈ છે. તે પણ માત્ર ૧.૦૩ ટકા. આ સમયગાળા દરમિયાન લોટ માત્ર ૪.૫૭ ટકા મોંઘો થયો છે.

ખાદ્યતેલોની વાત કરીએ તો તેમના ભાવ આ વર્ષે સૌથી નીચા સ્તરે રહ્યા છે. સરસવના તેલના ભાવમાં એક વર્ષમાં લગભગ ૧૩ ટકાનો ઘટાડો થયો છે. વનસ્પતિ તેલમાં લગભગ ૭ ટકાનો ઘટાડો થયો છે. સોયા તેલ લગભગ ૧૩ ટકા અને સૂર્યમુખી તેલ ૧૯ ટકા સસ્તું થયું છે. પામ તેલ પણ ૯ ટકા સસ્તું થયું છે.

જો આપણે આવશ્યક ચીજવસ્તુઓમાં સમાવિષ્ટ બટાકા, ડુંગળી અને ટામેટાંની વાત કરીએ તો છેલ્લા એક વર્ષમાં બટાકાની કિંમત ૨૬ ટકાથી વધુ વધીને સરેરાશ ૨૩.૮૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. એક વર્ષ પહેલા ડુંગળી રૂ. ૨૩.૩૦ હતી અને હવે રૂ. ૩૨.૩૯ પર પહોંચી ગઈ છે. ૩૯ ટકાનો વધારો થયો છે.

એક વર્ષમાં મેન્ટમેટર ૩૬% વધીને ૩૩ રૂપિયાની આસપાસ પહોંચી ગયો છે.કન્ઝ્યુમર મિનિસ્ટ્રીની વેબસાઈટ પર આપવામાં આવેલા ડેટા મુજબ મીઠાના દરમાં ૫ ટકાથી વધુનો વધારો થયો છે. ગુર્ગુમાં પણ સાડા સાત ટકાનો વધારો થયો છે. ખાંડના ભાવમાં ૬ ટકાથી વધુનો વધારો થયો છે.

# બસપા ધારાસભ્ય રાજુ પાલ હત્યા કેસમાં તમામ આરોપીઓને આજીવન કેદ

લખનૌ,

સીબીઆઈ લખનૌ કોર્ટે બીએસપી ધારાસભ્ય રાજુ પાલની હત્યા કેસમાં સાત આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી છે. આરોપીઓમાં માફિયાના ત્રણ શાર્પ શૂટર્સ અતીક અહેમદ, ફરહાન, આબિદ અને અબ્દુલ કવિનો પણ સમાવેશ થાય છે. આ સિવાય કોર્ટે જાવેદ, ઈસરાર, રણજીત પાલ અને ગુલ હસનને પણ આજીવન કેદની સજા સંભળાવી છે. માફિયા હત્યા કેસના બે આરોપીઓ અતીક અહેમદ અને અશરફનું મૃત્યુ થયું છે.

૨૫ જાન્યુઆરી, ૨૦૦૫ મંગળવારના રોજ બપોરે લગભગ ૩ વાગ્યાનો સમય હતો. સિટી વેસ્ટના બીએસપી ધારાસભ્ય રાજુ પાલ ધુમાનગંજના નિવાન સ્થિત એસઆરએન હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ હાઉસથી બે વાહનોના કાફલામાં ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે સુલેમસરાયના જીટી રોડ પર તેમના વાહનને ઘેરી લેવામાં આવ્યું અને ગોળીબાર કરવામાં આવ્યો. રાજુ પાલ પોતે ક્વોલિસ ચલાવતો હતો. તેની બાજુમાં બેઠેલી રૂખસાના હતી, તેના મિત્રની પત્ની જેને તે ચોફાટકા પાસે મળ્યો હતો.

# સ્વાર્થ છોડી દેશ માટે જીવવા અને મરવાના સંકલ્પ સાથે પોતાનું જીવવું પડશે - ભાગવત

નાગપુર,

આપણે આપણા દેશને મોટો બનાવવો છે, આપણે આપણા દેશની પીડા અને વેદનાને દૂર કરીને આગળ વધવાનું છે. આરએસએસના વડા ડો.મોહન ભાગવતે નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન આ વાત કહી હતી. આરએસએસ ચીફ મોહન ભાગવતે કહ્યું કે વિશ્વને મોટો બનવા માટે પોતાના દેશની જરૂર છે. વિશ્વને સાચો રસ્તો બતાવવાનું કામ ભારતે કરવાનું છે. આ માટે ભારતે તમામ મતભેદો છોડીને એક થવું પડશે, સ્વાર્થ છોડી દેશ માટે જીવવા અને મરવાના સંકલ્પ સાથે પોતાનું જીવન જીવવું



પડશે.

મોહન ભાગવતે કહ્યું કે જો આપણા લોકો આવું જીવન જીવે તો આપણને આઝાદી મળી. ભારતને મજબૂત બનાવવું પડશે. વિશ્વ ગુરુ બનવા માટે. આપણે પણ આવી જ રીતે તપસ્યા કરવી પડશે. એ તપશ્ચર્યા માટે આપણો આદર્શ છે છત્રપતિ શિવાજી મહારાજ. આરએસએસના વડા ભાગવતે કહ્યું કે મિત્રતા કરવી સરળ કામ નથી, મિત્રતા બનાવવા માટે પહેલા પોતાની જાત સાથે સારી બનવું પડશે. જો આપણે સારા હોઈએ તો આખી દુનિયા આપણી મિત્ર બની જાય છે. જો આપણે ગડબડ થઈએ તો દુનિયામાં દુશ્મનો પણ દુશ્મનો દેખાય છે.તેમણે કહ્યું કે તેને એસેમ્બલ કરવું સરળ છે, ચુંબકીય આયર્નનો ટુકડો તેની સાથે ચોંટી જાય છે. બીજો ફિલોસોફરનો પથ્થર છે, જ્યારે લોખંડ તેને સ્પર્શે છે, ત્યારે લોખંડ સોનામાં ફેરવાઈ જાય છે.

# વિમાન લીઝ કૌભાંડમાં પ્રફુલ્લ પટેલને સીબીઆઈની ક્લિનચીટ

મુંબઈ,

શરદ પવારથી છેડો ફાડી અજિત પવારના વડપણ હેઠળ ભાજપ સાથે હાથ મિલાવનારા એનસીપીના સાંસદ પ્રફુલ્લ પટેલને એર ઈન્ડિયા માટે વિમાનો લીઝ પર લેવાના કૌભાંડમાં સીબીઆઈએ કિલનચીટ આપી દીધી છે. યુપીએ સરકારમાં પ્રફુલ્લ પટેલ નાગરિક ઉડ્ડયન પ્રધાન હતા ત્યારે આ કૌભાંડના આક્ષેપો થયા હતા. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ૨૦૧૭માં સીબીઆઈએ આ કૌભાંડમાં તપાસ શરુ કરી હતી પરંતુ હવે સાત વર્ષ બાદ તેમાં ક્લોઝર રિપોર્ટ આપી દેવાર્યો છે.

સીબીઆઈ દ્વારા ચાલુ મહિનામાં જ સક્ષમ કોર્ટ સમક્ષ ક્લોઝર રિપોર્ટ ફાઈલ કરી દેવાયો છે અને તેમાં પ્રફુલ્લ પટેલ ઉપરાંત નાગરિક ઉડ્ડયન મંત્રાલયના તત્કાલીન અધિકારીઓ તથા એર ઈન્ડિયાના તત્કાલીન અધિકારીઓ સામેનો કેસ બંધ કરવા જણાવાયું હોવાનો દાવો કેટલાક અહેવાલોમાં કરવામાં આવ્યો છે. પ્રફુલ્લ પટેલ શરદ પવારનાં વડપણ હેઠળની એનસીપીના સાંસદ તરીકે મનમોહનસિંઘ સરકારમાં નાગરિક ઉડ્ડયન પ્રધાન હતા.

# ચીનને ભારતનો કડક સંદેશ આપતા કહ્યું અરુણાચલ ભારતનું હતું, છે અને હંમેશા રહેશે

નવીદિલ્હી,

ભારતના વિદેશ મંત્રાલયે અરુણાચલ મુદ્દે ચીનને જોરદાર જવાબ આપ્યો છે. ભારતે પાડોશી દેશને સ્પષ્ટ કરી દીધું છે કે ચીન તેના પાયાવિહોણા દાવાઓનું ગમે તેટલું પુનરાવર્તન કરે, તે ભારતના વલણને બદલશે નહીં કે અરુણાચલ પ્રદેશ તેનું અભિન્ન અને અવિભાજ્ય અંગ હતું, છે અને હંમેશા રહેશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ચીન દ્વારા અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો ચાલુ રાખવા અંગેના પ્રશ્નના જવાબમાં આ વાત કહી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા જયસ્વાલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અરુણાચલ પ્રદેશના મુદ્દે અમારું વલણ ઘણી વખત સ્પષ્ટ કરવામાં આવ્યું છે. હાલમાં જ અમે આ અંગે એક નિવેદન પણ બહાર પાડ્યું છે. ચીન તેના 'પાયાવિહોણા દાવાઓ'નું ગમે તેટલું પુનરાવર્તન કરે, તે અમારું વલણ બદલવાનું નથી. અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો હતો, છે અને રહેશે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે અરુણાચલ પ્રદેશ પર ચીનના વારંવારના દાવાને 'વાહિયાત' ગણાવીને નકારી કાઢ્યા હતા. જયશંકરે કહ્યું હતું કે આ સરહદી રાજ્ય "ભારતનો કુદરતી ભાગ" છે. અરુણાચલ પર ચીનના વારંવારના દાવાઓ અને રાજ્યમાં ભારતીય નેતાઓની મુલાકાતના ચીનના વિરોધ પર તેમની જાહેર ટિપ્પણીમાં જયશંકરે કહ્યું કે આ કોઈ નવો મુદ્દો નથી.

ચીનના વિદેશ મંત્રાલયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અરુણાચલ પ્રદેશની મુલાકાત સામે વાંધો ઉઠાવ્યો હતો. તેના પર ભારતે કહ્યું હતું કે આ સંબંધમાં પાયાવિહોણી દલીલોનું પુનરાવર્તન કરવાથી આવા દાવાને કોઈ માન્યતા મળતી નથી.

# પરશોત્તમ રૂપાલાએ માફી માગી લીધી એટલે આ વિવાદનો અંત આવી ગયો : જયરાજસિંહ જાડેજા






(તસ્વીર દિલીપ ગોહેલ)

રાજકોટઃ ગોંડલના શેમાળા ગામે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહના ફાર્મ હાઉસ 'ગણેશગઢ' ખાતે એક મોટી બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, રાજકારણીઓ, કરણી સેના સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગોંડલ ખાતે ક્ષત્રિય સમાજની બેઠકમાં કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા પહોંચ્યા હતા. ભાજપના ટોચના ક્ષત્રિય અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા. આ બેઠકમાં પરશોત્તમ રૂપાલાને બે હાથ જોડીને જાહેરમાં ક્ષત્રિય સમાજની માફી માગી હતી. તેમણે કહ્યું કે, મારી ભૂલ થઈ ગઈ. માફી આપવા ક્ષત્રિય આગેવાનોએ સમાજને અપીલ કરી છે. તો પરશોત્તમ રૂપાલાએ માફી માગ્યા બાદ જયરાજસિંહ જાડેજાએ પણ નિવેદન આપ્યું હતું.આ દરમિયાન પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બે હાથ જોડીને માફી માગી હતી. તેમણે કહ્યું કે, મારી ભૂલ થઈ ગઈ. મારા માટે અફસોસની વાત છે કે આવી ભૂલ થઈ, મારા જીવનમાં આવું ક્યારેય નથી બન્યું. હું જયરાજસિંહજીનો આભારી છું કે તમે આ આગેવાની લીધી અને આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં પ્રયાસ કર્યો છે. મારા કારણે પાર્ટીને નુકશાન થયું તે માટે હું સૌની માફી માંગુ છું. હું કાર્યક્રમમાં જતો હોવ તેમ મારું સ્વાગત કરાયું છે. મારી જીભથી નીકળેલા શબ્દોનો મને રંજ છે. મારી જીભથી ક્યારે આવું થયું નથી. મારા નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે. મેં તેની માફી પણ માગી છે. મેં બે હાથ જોડીને માફી માગી છે. મારા માટે નહીં પરંતુ મારી પાર્ટી માટે મને માફ કરી દો. મારા માટે નહીં પણ મારી પાર્ટી માટે સમાજની માફી માગુ છું. આ ક્ષતિ સંપૂર્ણ મારી ક્ષતિ છે,જવાબદાર હું છું. મારા કારણે ક્ષત્રિય સમાજને સહન કરવું પડશે તેની જવાબદારી મારી. હું સમગ્ર દેશના ક્ષત્રિય સમાજને વિનંતી અને અપીલ કરૂ છું અને માફી માગુ છું.' આ સાથે રૂપાલાએ જયરાજસિંહનો પણ આભાર માન્યો હતો.પરશોત્તમ રૂપાલાએ માફી માગ્યા બાદ જયરાજસિંહ જાડેજાએ કહ્યું કે, 'પરશોત્તમભાઈ રૂપાલાના નિવેદનથી સૌથી વધુ મને દુઃખ થયું. રૂપાલાએ ૪૦ મિનિટનો માફીનો વિડિયો મૂક્યો છે. તેમણે સમાજની માફી માગી છે એટલે આ વિવાદનો અંત આવી ગયો છે. હવે રાજપૂત સમાજમાં કોઈ રોષ નથી. રૂપાલા સાહેબની ભૂલને ભૂલી જવાની છે. આ મારો નિર્ણય નહીં, રાજપૂત સમાજનો નિર્ણય છે. પુરષોતમ રૂપાલાને માફ કરવા મંચ પરથી અપીલ કરુ છું. આપણો ક્ષાત્ર ધર્મ કહે છે કે આપણા બાપુજીનું માથું વાઢી નાખ્યું હોય તો પણ આપણા શરણે આવે તો આપણે માફી આપી દઈએ, ઈતિહાસમાં આવું બન્યું છે.'માફીનો વિરોધ કરનારાઓને જયરાજસિંહ જાડેજાએ સલાહ આપતા કહ્યું હતું કે, 'સમાજને ગુમરાહ ન કરો. પી.ટી.જાડેજાએ પણ અગાઉ માફી માગી છે. એનાથી પણ ભૂલ થઈ હતી ત્યારે હું ગયો હતો. તમે સમાજને ગુમરાહ ન કરો, એમ છતાં કાંઈ કરવું હોય તો કરી લેજો. મારી સીટ પર મારા સમાજના માત્ર સાત હજાર મત છે. ભાજપે ક્ષત્રિય સમાજને ઘણું આપ્યું છે. ગોંડલ બેઠક પર લેઉવા પટેલ મતદારો છતા ક્ષત્રિયને ટિકિટ આપી છે. પાર્ટી સમજી વિચારીને ટિકિટ આપી છે. ભાજપે રાજ્યસભામાં પણ ક્ષત્રિય સમાજને પ્રતિનિધિત્વ આપ્યુ છે.'જયરાજસિંહે સવાલ ઉઠાવનારાઓને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું હતું કે, 'હું સોશિયલ મીડિયાનો જવાબ આપતો નથી. બહાદુરો એકઠા થાય તો તે જ્યાં કહેશે ત્યાં હુ જવા તૈયાર છું. સોશલ મીડિયામાં સવાલો કરનારા એક જગ્યાએ એકઠા થાય હું જવાબ આપીશ.'અત્રે ઉલ્લેખનીય છે કે, ગોંડલ ખાતે મળેલ બેઠકમાં ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, ધારાસભ્ય કિરીટસિંહ રાણા, રાજયસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, રાજકોટ લોધીકા સહકારી સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, રાજકોટ ભાજપના ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા સહિત રાજકોટ શહેર જિલ્લાના ભાજપના ક્ષત્રિય સમાજના નેતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તો કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે રાજકીય પક્ષો દ્વારા પ્રચાર-પ્રસાર શરૂ કરી દેવાયો છે. ત્યારે હવે રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડનારા પરશોત્તમ રૂપાલા વિવાદમાં આવ્યા છે. પરશોત્તમ રૂપાલાનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અનુસૂચિત જાતિ સમુદાયના એક કાર્યક્રમમાં રજવાડાઓ અંગે બોલતા સમયે તેમની જીભ લપસી હતી. જેમાં તેમણે ક્ષત્રિય સમાજ અંગે બફાટ કર્યો હતો. પરશોત્તમ રુપાલાના એક નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો કે, વિવાદ વકરતા પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી પણ માગી હતી.

## સૌરાષ્ટ્ર આસપાસ અને શો ટાઈમની મુલાકાત લેતા ભાજપના ઉમેદવાર નિમુબેન બાંભણીયા

### મેનેજીંગ તંત્રી કોમલકાંત શર્માએ આવકારી અને જંગી બહુમતી સાથે જીતની શુભેચ્છા પાઠવી




ભાવનગર, તા.૨૯

ભાજપે ભાવનગર-બોટાદ લોકસભા બેઠક પર પૂર્વ મેયર અને બિનવિવાદાસ્પદ સરળ અને સૌમ્ય નિમુબેન બાંભણીયાને ટીકીટ આપી છે. ૨૮મીએ નિમુબેન બાંભણીયા તથા શહેર ભાજપ પ્રમુખ અભયભાઈ ચૌહાણ સૌરાષ્ટ્ર આસપાસ અને શો ટાઈમની મુલાકાતે આવ્યા હતાં.

લીલા ન્યુઝ નેટવર્ક વતી મેનેજીંગ તંત્રી કોમલકાંત શર્માએ તેમને આવકાર્યાં હતાં અને જંગી બહુમતીથી જીતની શુભેચ્છા પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન કોમલકાંત શર્માએ ભાવનગરના થઈ રહેલા વિકાસ, આગામી વર્ષોમાં શું થઈ શકે તેના રોડમેપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના થઈ રહેલા વિકાસ સહિતના મુદ્દે બન્ને અગ્રણીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ અને દેશનું નાનામા નાનું ગામ પણ વિકાસ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ભવ્ય ભારતનું સપનું સાકાર થતું દેખાય છે.

## રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભારતીય તટરક્ષક દળની ભૂમિકા મહત્વપૂર્ણ :રક્ષાસચિવ ગિરિધર અરમને

### વેરાવળ ખાતે આશરે રૂ. ૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ ઓટીએમ અને આવાસોનું લોકાર્પણ કરતાં શ્રીમતી ગાયત્રી અરમને



ગીર સોમનાથ:ભારતીય તટરક્ષક દળના ઈણાજ ખાતે આવેલ સ્ટેશન ખાતે તટરક્ષક દળના જવાનો માટે રહેવા માટેના આવાસો અને ઓટીએમ સાથે હેલિપેડનું લોકાર્પણ રક્ષાસચિવ શ્રી ગિરિધર અરમનેની વિશેષ ઉપસ્થિતિમાં શ્રીમતી ગાયત્રી અરમનેએ કર્યું હતું.

વેરાવળ તાલુકાના ઈણાજ ખાતે કલેક્ટર કચેરીને અડીને આવેલા સ્ટેશન ખાતે ભારતીય તટરક્ષક દળના જવાનોને રહેવા માટેની સુદ્રઢ વ્યવસ્થાઓ મળે તે માટે ૬૦ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. વ્યાયામ અને રમતગમત માટેની સુવિધાઓ, વોલિબોલ અને પરેડ ગ્રાઉન્ડ સાથે સુએઝ ટ્રીટમેન્ટની વ્યવસ્થાઓ સાથે મેસની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જેથી જવાનોને વધુ સારી સગવડો તેમના કામના સ્થળે મળી રહે. આ ઉપરાંત આ સ્ટેશન ખાતે ૭૫૮૭૫ મીટરનું હેલિપેડ પણ બનાવવામાં આવ્યું છે.

રક્ષાસચિવ શ્રી ગિરિધર અરમનેએ જણાવ્યું કે, રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભારતીય તટરક્ષક દળની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ખાસ કરીને ગુજરાત ૧૬૦૦ કિલોમીટરનો વિશાળ દરિયાકિનારો ધરાવે છે. ત્યારે આંતરરાષ્ટ્રીય પડકારોને પહોંચી વળવા માટે ભારતીય તટરક્ષક દળને મજબૂત બનાવવું એ આજના સમયની માંગ છે.

આ સંદર્ભમાં તેમણે વધુમાં જણાવ્યું કે, સમય સાથે ટેક્નોલોજી ઝડપથી બદલાઈ રહી છે ત્યારે તટરક્ષક દળને સમયાનુકૂળ રીતે અદ્યતન કરવામાં આવી રહી છે. લાંબા ગાળાના સુરક્ષાત્મક પગલાઓને ધ્યાનમાં રાખીને તટરક્ષક દળને ડ્રોન તથા માનવવિહિન વાહનો સાથે સુસજ્જ બનાવવામાં આવી રહ્યાં છે. તેની સાથે ગુજરાતમાં હોવરક્રાફ્ટ સ્ટેશન નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત જેટીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અને તટરક્ષક દળના જવાનોને આધુનિક ટેક્નોલોજીના સમન્વય સાધીને વધુ સુસજ્જ બનાવવામાં આવી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, દરિયાઈ માર્ગે ગેરકાયદેસર માછીમારી, માઈનિંગ અને હ્યુમન ટ્રાફિકિંગ જેવા પડકારોને પહોંચી વળવા માટે ભારતીય તટરક્ષક દળને વધુ સાધન સરંજામથી વધુ સજ્જ કરવામાં આવી રહ્યું છે. જેથી ભારતીય દરિયાઈ સીમા વિસ્તાર શાંત, સલામત અને સુરક્ષિત રહી શકે.શ્રી અરમનેએ જણાવ્યું કે, વેરાવળમાં વિવિધ અભિયાનો માટે હેલિપેડ બનવાથી આકસ્મિક બચાવ, રાહત સહિતની કામગીરી વધુ સારી રીતે કરી શકાશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સીમા પરની ગતિવિધિઓ પર સારી રીતે દેખરેખ રાખી શકાશે.

આ પ્રસંગે મહાનિર્દેશક રાકેશ પાલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી મનોહરસિંહ જાડેજા, ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સર્વશ્રી આરાધના સાહુ, ડો. કે.રમેશ તથા ભારતીય તટરક્ષક દળના અધિકારીઓ અને જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ખાંભાના સરપંચના પિતા વિરૂધ્ધ થયેલ ફરિયાદ રદ કરવા માંગ

### ગાંધીચોકથી રેલી સ્વરૂપે વેપારીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



અમરેલીઃખાંભા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ કુમારી રીનાબહેન ખુમાણનાં પિતાજી બાબાભાઈ બી. ખુમાણ ઉપર દલિત યુવકે એટ્રોસિટી ફરિયાદ નોંધાવતા ખાંભા શહેરના વેપારીઓ અને રહીશોમાં રોષ ઉભો થયો છે.

ફરિયાદી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ખાંભા ગ્રામ પંચાયતમાં તેણે એક આર. ટી. આઈ. હેઠળ માહિતી માંગવા અંગે સરપંચના પિતાજીએ તેઓને ઢીંકા પાટુનો માર માર્યો તેમજ તેમને જ્ઞાતિ વિશે હડધુત કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે આજે ખાંભાના દરેક નાના મોટા વેપારીઓ દ્વારા બાબાભાઈખુમાણના સમર્થનમાં આવ્યા હતા અને વેપારી અગ્રણીઓએ ગાંધી ચોકમાંથી રેલી કાઢી રેલી સ્વરૂપે મામલતદાર કચેરીમાં પહોંચી આવેદનપત્રપાઠવેલ. સવારથીજ સ્વૈચ્છિક રીતે પોત પોતાના ધંધા રોજગાર અને શાક માર્કેટના વેપારીઓ દ્વારા પણ બંધ રાખી ખાંભા મામલતદાર અંટાળાને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આવેદનપત્રમાં માંગ કરવા માં આવી હતી કે આ આ ફરિયાદને રદ કરવામાં આવે તેમજ ભોગ બનાનાર સરપંચના પિતાને ન્યાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

મળતી માહિતી પ્રમાણે ખાંભા ગ્રામ પંચાયતમાં કુમારી રીનાબહેન બાબાભાઈ ખુમાણ છે જ્યારે ખાંભાના ગીરીશભાઈ બાબરીયા નામના દલિત યુવક દ્વારા ગત દિવસોમાં તેના ઘર પાસેની ગટર બાબતે રજૂઆત કરાયેલ જેના ઉકેલ માટે ગામના અગ્રણી તરીકે માટે બોલાવેલ હોવાનું બાબાભાઈએ જણાવેલ છે.

આ ફરિયાદના પગલે બાબાભાઈ ખુમાણ ના સમર્થન માં ખાંભા વેપારી એસોસિયન તેમજ તમામ વેપારીઓ આજે તેમના ધંધા રોજગાર બંધ રાખીને ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું અને આ ખોટી ફરિયાદ કરવા માં આવી હતી તે રદ કરવાની માંગ કરવા માં આવી હતી.

## જાફરાબાદમાં ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણીની સમસ્યા વિકરાળ થતા નગરજનોમાં રોષ

(મિલાપ રૂપારેલ દવારા)

અમરેલી:

જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં ઘણા સમયથી પાણી અમુક વિસ્તારોમાં વિતરણ કરવામાં ૮ દિવસમાં પણ મળતું નથી લોકોને પીવાનું પાણી તો ઠીક પરંતુ વાપરવાનું પાણી રૂ.૨૦૦ આપી ટાંકાઓ મંગાવી લોકો પાણી પીવા તથા વાપરવા માટે રૂપિયા ૨૦૦ પાણી વેચાતું મંગાવવાની નોબત ગરમીની સિઝનમાં લોકો પાણી વિહોણા ઠંડીની મોસમ વિદાય લઈરહી છે.

અને ગરમીની સિઝન ડોકાય રહી છે. ભારે ગરમીની આગાહી પણ થઈ રહી છે. ત્યારે આવી ધગધગતી ગરમીમા જીવનની પ્રાથમિક જરૂરિયાત પાણીની સમસ્યા વિકટ બનતાં લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જિલ્લામાં ગત વર્ષે સારો એવો વરસાદ થયો હતો જેના કારણે પીવાના પાણીના મુખ્ય સ્ત્રોત ધાતરવડી ડેમ તથા અન્ય ડેમો છલોછલ ભરાયા હતા વર્ષભર પુરતું પાણી મળી રહે તેવી આશા શહેરીજનોમા સેવાય હતી પરંતુ

ઉનાળાના પ્રારંભે સમયથી જ પીવાના પાણીની સમસ્યા દિનપ્રતિદિન વિકટ બની રહી છે. નગરપાલિકાની કચેરી ખાતે પણ પીવાના પાણીની અનેક ફરિયાદો થઈ રહી છે. અલગ અલગ વિસ્તારોમાં પીવાના પાણીની પોકાર ઉઠ્યો છે. નગરજનો




સમયસર પીવાનું પાણી પુરૂ પાડવામાં આવતું ન હોવાના કારણે મુંઝવણમાં મુકાઇ રહ્યા છે.મહિલાઓને પણ પીવાના પાણી માટે પારાવાર હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. જાફરાબાદ પાલિકાને લોકો દરેક સ્તરે વેરા ભરવા છતાં પણ સુવિધા દેવામાં કેમ આંખ આડા કાન કરવામાં આવે છે.

સુવિધા દેવામાં થતાં તાતાથૈયા જાફરાબાદ નગરપાલિકાને નાગરિકો દ્વારા વેરો ભરવા માટે એક કલાક લાઈનમાં રહી કરવેરા ભરવા છતાં પણ જીવન જરૂરી પાણી પણ દેવામાં પાલિકા કચેરી કરી રહી છે. ઠાગાઠૈયા જાફરાબાદના સામાકાંઠાના જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા પ્રતિદિન ગંભીર બની રહી છે. ઉનાળાના પ્રારંભે સમયે પાણીની સમસ્યા વિકટ બનતાં લોકોમાં આક્રોશ અનેક વિસ્તારને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમ ભરપૂર માત્રામાં જળરાશી હોવાછતાં જાફરાબાદ નગરપાલિકા તંત્રની બેદરકારીના કારણે અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો સમથસર મળતો નથી ઘણાખરા વિસ્તારોમાં વીસથી પચ્ચીસ દિવસ સુધી પાણીની સમસ્યા ગંભીર બની છે. અહીં ના વિસ્તારોમાં ખુબજ અપુરતા ફોર્સથી અનિયમિત પાણી વિતરણ થતું હોવાથી લોકો મુશ્કેલીમાં મુકાય ગયા છે. પાલિકાના તંત્ર એ તાત્કાલિક આ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ અને પુરતાં ફોર્સની નિયમિત પાણી વિતરણ કરાય તેવી વ્યવસ્થા કરવા સ્થાનિક લોકોની માંગ પાણી જીવન જરૂરી હોય પાણી થી લઈને અન્ય જીવન જરૂરી કામગીરી થતી નથી પરંતુપાલિકા દ્વારા ઘણા ખરા વિસ્તારોમાં પાણી વાપરવાનું તો ઠીક છે પરંતુ પીવાનું પાણી પણ અમુક વિસ્તારોમાં ન હોવાથી પીવાના પાણી ના ફાંફાં હાલ ઉનાળાના પ્રારંભે પણ સમસ્યા દિન પ્રતિદિન ગંભીર બની છે. લોકચર્ચાઓ થઈ રહી છે. હાલતો લોકો પાલિકાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અધિકારી ને ફોન કરવાથી પણ પાણી વિતરણ કરવામાં ન આવેતો આનો મતલબ એ થયો કે જવાબદાર અધિકારીઓ આ બાબતે કંઈજ નથી કરી શકતા જનતા જનાર્દન ટેક્ષ ભરવા છતાં પણ સૂવિધા નામે મીંડુ પાણી બાબતે લોકો માંથી માંગ ઉઠી છે. કે સમયસર પાલિકા પાણી વિતરણ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગણી છે.

## ૨૨ સ્થળેથી દેશી દારૂ ઝડપાયો

અમરેલી:

અમરેલી જિલ્લામાંથી જુદા જુદા ૨૨ સ્થળેથી દેશી દારૂ ઝડપાયો હતો. આ ઉપરાંત જિલ્લાના જુદા જુદા સ્થળેથી ૧૩ લોકો નશામાં ઝડપાયા હતા. પોલીસે આ તમામ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.અમરેલી જિલ્લાના મોરંગી, મેઘાપીપળીયા, ગુંદરણ, લાઠીના અકાળા રોડ, નીંગાળા-૨, શેલણા, એભલવડ, જાફરાબાદના સામાકાંઠા, ધારીના વાઘાપરા, વિસળીયા, ખેરા, વિકટર ચેકપોસ્ટ, ખાંભા ટી-પોઈન્ટ, પીઠવડી, મીતીયાળા, સાવરકુંડલાના હાથસણી રોડ, વાવેરા, અમરેલીના સાવરકુંડલા રોડ રેલવે ફાટક પાસે, ચિતલ રોડ સંધી સોસાયટી અને બાબરાના ચમારડી મળી જિલ્લામાં કુલ ૨૨ સ્થળેથી દેશી દારૂ ઝડપાયો હતો.આ ઉપરાંત ચલાલા હુડકો, વડલી, સરસીયા બસ સ્ટેન્ડ પાસે, સોઢાપરા, હીમખીમડીપરા, ચિત્રાસર બસ સ્ટેન્ડ, રાજુલા, અમરેલીના હનુમાનપરા શેરી નંબર ૮, લીલીયાના ક્રાંકચ અને બાબરાના વાવડા મળી જિલ્લામાં ૧૩ લોકો નશાની હાલતમાં ઝડપાયા હતા. પોલીસે આ તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ભાજપના ઉમેદવારનું નામ જાહેર થયા બાદ સન્નાટો છવાયો લોકસભા વિસ્તારના કાર્યકરોમાં હતાશા અને મતદારોમાં નિરાશા

### ભાજપ ઉમેદવારની સામે કોંગ્રેસનાં ઉમેદવારની શ્રેષ્ઠ પસંદગી થતાં ભાજપીઓ ચિંતામાં

અમરેલી:અમરેલી લોકસભા વિસ્તારનાં ભાજપનાં ઉમેદવારનું નામ ગત રવિવારે સાંજે જાહેર થતાં જ ભાજપનાં મોટા ભાગનાં આગેવાનો અને કાર્યકરોમાં હતાશા અને આશ્ચર્યજનક રીતે મતદારોમાં નિરાશાનો માહોલ છવાયો છે. કોંગી આગેવાનો અને કાર્યકરો ગેલમાં આવી ગયા છે.

ભાજપનાં ઉમેદવારની પસંદગીની સામે કોંગ્રેસ પક્ષનાં મહિલા ઉમેદવાર વધારે શિક્ષિત, લોકસભામાં સચોટ રજૂઆત કરી શકે તવા હોય, યુવાન હોય, મહિલાઓ અને યુવા મતદારોને તેમના તરફી મત અપાવી શકે તેવા સક્ષમ સહિતનાં અનેક રીતે પ્રબળ હોવાથી ભાજપનાં ટોચનાં આગેવાનો, હજારો કાર્યકરોમાં બેઠકને લઈને ચિંતા ઉભી થઈ રહી છે. તો મતદારોમાં ભાજપ તરફી મતદાન કરવું કે કેમ તેને લઈને અવઢવ જોવા મળે છે.

દરમિયાનમાં ભાજપનાં જિલ્લાનાં આગેવાનોએ પ્રદેશ મહામંત્રી રત્નાકર, કલસ્ટરપ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રભારી હકુભાઈ જાડેજા અને હાઈકમાન્ડ સુધી સતત રજૂઆત કરવામાં આવી છે.

આજે શનિવારે કલસ્ટર પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સંકલન બેઠક માટે અમરેલી પધારતાં હોય બેઠક બાદ ભાજપનાં કદાવર નેતાઓ દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, હિરેન હિરપરા, બાવકુભાઈ ઉંઘાડ, ડો. કાનાબાર, પી.પી. સોજીત્રા વિગેરે કલ્સ્ટર પ્રભારી સાથે બેઠક કરવાનાં હોવાનું જાણવા મળેલ છે.